


# તમારા બાળક ની શાળા માટેની માર્ગદર્શિકા

# પેરન્ટ હેન્ડબુક





*દ્વારા વિકસાવવામાં આવી*

Adult Learning Resource Center

Des Plaines, IL

*મારફત નીધિયન થયું*

Illinois Department of Human Services

*અને*

Illinois State Board of Education

સપ્ટેમ્બર 2012

# તમારા બાળકની શાળા માટેની માર્ગદર્શિકા

# પેરન્ટ હૅન્ડબુક

*દ્વારા વિકસાવવામાં આવી*

Adult Learning Resource Center

Des Plaines, IL

Illinois Department of Human Services

*અને*

Illinois State Board of Education

*મારફત નીધિયન થયું*

# ઋણ સ્વીકાર

*તમારા બાળકની શાળા માટેની માર્ગદર્શિકા:* પૅરન્ટ હૅન્ડબુકનો વિકાસ સહુ પ્રથમ વખત2002ની સાલમાં ઇલિનોઇ રાજ્યની ઘણી બધી એજન્સીઓના સહકાર્યથી થયો. આ હૅન્ડબુક તૈયાર કરવાવાળા અને વિતરણ માટે જવાબદાર લોકોમાં સામેલ છે:

| | |
|---|---|
| Dr. Edwin Silverman | Illinois Department of Human Services/Bureau of Refugee and Immigrant Services |
| Beth Robinson | Illinois State Board of Education |
| Sue Barauski | ડિરેક્ટર, Adult Learning Resource Center |
| Laura Bercovitz | મેનેજર, Adult Learning Resource Center |
| Greg Krisco | એજ્યુકેશનલ કન્સલ્ટન્ટ, Adult Learning Resource Center |
| Catherine Porter | એજ્યુકેશનલ કન્સલ્ટન્ટ, Adult Learning Resource Center |

અમને Bounlieng Phommasouvanh, Mary P. Diaz, Diane Pecoraro, અને ની *અ ગાઇડ ટુ મિનેસોટા સ્કૂલ્સ ફોર પૅરન્ટ્સ ઑફ એલઈપી સ્ટુડન્ટ્સ* માંથી અમુક સામગ્રી અનુકૂળ કરવા દેવાની ઉદારતા દાખવવા બદ્દલ Diane Pecoraro અને Minnesota Department of Education નો ખાસ આભાર Joyce M. Biagini.

Tatyana Fertelmeyster, Trudi Langendorf અને Joy Ross નો તેમની મદદરૂપ થયેલ સૂક્ષ્મદૃષ્ટિ અને હૅન્ડબુકની સમીક્ષા બાદની ભલામણો માટે આભાર.

*પૅરન્ટ્સ એઝ એજ્યુકેશનલ પાર્ટનર્સ*માંથી પણ સામગ્રી લેવામાં આવી: Laura Bercovitz અને Catherine Porter, © ની અ સ્કૂલ રિલેટેડ કરિક્યુલમ ફોર લૅંગ્વેજ માઇનોરિટી પૅરન્ટ્સ Adult Learning Resource Center.

*તમારા બાળકની શાળા માટેની માર્ગદર્શિકા*નું 2012 સંસ્કરણ: શૈક્ષણિક નીતિઓ અને કાર્યપ્રણાલીઓમાં થયેલ પરિવર્તનોને પ્રતિબિંબિત કરવા માટે Illinois State Board of Education દ્વારા કરવામાં આવેલ સુધારા *પૅરન્ટ હૅન્ડબુક*માં સમાવિષ્ટ છે.

## આ હૅન્ડબુક અંગે

પ્રીય માતા-પિતા અથવા વાલીઃ

સ્વાગત. આ હૅન્ડબુક તમને યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇલિનૉઇની શાળા પ્રણાલિ વિષયક મહત્વપૂર્ણ માહિતી આપશે. તમે અને તમારો પરિવાર જો આ દેશ કે રાજ્ય માટે નવા હોવ, તો સંભવિતપણે તમને શાળાઓ વિશે પ્રશ્નો હશે. આ હૅન્ડબુકની માહિતી સામાન્ય માહિતી છે. તમારા બાળકોની શાળાઓ વિશે વધુ વિગતો માટે તમારે તમારી સ્થાનિક શાળાને કૉલ કરવો પડશે.

બાળકોના શિક્ષણમાં માતાપિતા અને શાળા ભાગીદારો છે. બન્નેની ઇચ્છા છે કે બાળકો સફળ થાય. જ્યારે માતાપિતા અને પરિવારો શિક્ષણમાં સમાવિષ્ટ થાય ત્યારે બાળકો શાળામાં વધુ સારી રીતે કાર્ય કરે છે અને મોટા થઇ વધુ સફળતાને વરે છે. તે સમજી લઈને કે યુ.એસ શાળા પ્રણાલિ કેવી રીતે કાર્ય કરે છે, તમે તમારા બાળકને સફળ થવામાં અને તેઓને ઉત્કૃષ્ટ દેખાવ કરવામાં મદદ કરી શકો.

# વિષય-વસ્તુઓનું કોષ્ટક

*પ્રશ્નો અને જવાબો*


I. યુનાઇટેડ સ્ટેટ્સ શાળા પ્રણાલિ ______ 1

1. *મારા શહેરમાં શાળાઓની ગોઠવણ કેવી રીતે કરવામાં આવી છે?* ............... 1
2. *યુનાઇટેડ સ્ટેટ્સમાં કયા પ્રકારની શાળાઓ છે?* ............... 2
3. *શું તેવા વિદ્યાર્થીઓ માટે શાળાઓ છે જેઓએ હાઇ સ્કૂલ પૂર્ણ કરી ન હોય?*... 3

II. શાળામાં નોંધણી ______ 4

1. *હું મારા બાળકોની નોંધણી શાળામાં કેવી રીતે કરાવીશ? મને કયા દસ્તાવેજોની આવશ્યકતા રહેશે?* ............... 4
2. *મારા બાળકો શાળાની શરૂઆત કરે ત્યાર પહેલા તેઓને કઈ પરીક્ષાઓ અને તબીબી ફોર્મસની આવશ્યકતા રહેશે ?* ............... 4
3. *જો મારા બાળકોના રસીકરણો અમારા પોતાના દેશમાં અથવા રાજ્યમાં થઈ ચુક્યા હોય તો શું?* ............... 5
4. *શું નોંધણી પહેલા મારા બાળકોએ ડેન્ટિસ્ટની મુલાકાત લેવી જરૂરી છે?* ........ 5
5. *મારા બાળકો માટે બીજા કયા પરીક્ષણો જરૂરી છે?* ............... 5
6. *શારીરિક પરીક્ષણ માટે અમે ક્યાં જઈ શકીએ?* ............... 6

III. શાળા કેલેન્ડર અને શાળાનો એક દિવસ ______ 7

1. *મારા બાળકો પ્રત્યેક દિવસે શાળામાં કેટલો સમય રહેશે?* ............... 7
2. *શું તેવી રજાઓ અથવા ખાસ દિવસો છે જ્યારે બાળકો શાળામાં નહીં જશે?* ....7

IV. શાળામાં જવા બાબત ............... 9

1. *રોજ મારા બાળકો શાળાએ આવ-જા કેવી રીતે કરી શકશે?* ............... 9

V. શાળાની કાર્યપ્રણાલીઓ ______ 10

1. *મારું બાળક માંદુ હોય તો મારે શું કરવું?* ........ 10
2. *જો મારા બાળકે શાળામાં દવા લેવાની જરૂરિયાત હોય તો શું?* ........ 11
3. *મને મારા બાળકના આરોગ્ય વિષયક પ્રશ્નો હોય તો મારે કોને કૉલ કરવો ?* 11
4. *જો શાળામાં મારું બાળક માંદુ પડે અથવા તેનો અકસ્માત થાય તો શાળા મારા સુધી કેવી રીતે પહોંચશે ?* ........ 11
5. *જો મારું બાળક શાળામાં મોડું પડે અથવા ગેરહાજર રહેવાની જરૂર પડે તો મારે શું કરવું ?* ........ 12
6. *શું હું મારા બાળકની શાળાની મુલાકાત લઈ શકું?* ........ 13
7. *શું શાળામાં કોઇ પણ વસ્તુ માટે મારે ખર્ચ કરવો પડશે?* ........ 13
8. *જો મને શાળાની કાર્યપ્રણાલીઓ વિશે કોઇ પ્રશ્ન હોય તો મારે કોને પૂછવું?...* 14

**VI. લોકો જેઓ શાળામાં કાર્યરત છે** ________ 15

1. *શાળા ડિસ્ટ્રિક્ટ કાર્યાલયોમાં અને શાળાઓમાં કાર્ય કરે છે તે લોકો કોણ છે ?* 15
2. *શાળામાં હું કોની સાથે મારા બાળક વિશે વાત કરી શકું?* ........ 17

**VII. અનુદેશી પ્રોગ્રામ્સ** ________ 18

1. *જો મારા બાળકો અંગ્રેજી સારી રીતે બોલી શકતા ન હોય તો મદદ કરવા શાળા શું કરશે શાળાઓ મદદરૂપ થવા શું કરશે?* ........ 18
2. *એલિમેન્ટરી શાળામાં મારા બાળકો શું ભણશે?* ........ 18
3. *મિડલ શાળા અથવા જુનિયર હાઇ સ્કૂલમાં મારા બાળકો કયા વિષયો ભણશે ?* ........ 19
4. *હાઇ સ્કૂલમાં મારા બાળકો કયા વિષયો ભણશે?* ........ 19
5. *જો મારા બાળકમાં શીખવાની સમસ્યાઓ અથવા ખાસ જરૂરિયાતો હોય તો શાળાઓ મદદરૂપ થવા શું કરશે?* ........ 20
6. *મારા બાળકમાં ખાસ કૌશલ્યો અથવા ક્ષમતાઓ હોય તો શું કોઇ ખાસ પ્રોગ્રામ્સ છે?* ........ 20

VIII. બાળકોના શિક્ષણ અને કેળવણીમાં માતાપિતાની ભૂમિકા ______ 21

1. *હું મારા બાળકની શાળા વિશે કેવી રીતે જાણકારી મેળવી શકું? શું મારું બાળક સારો/સારી વિદ્યાર્થી/વિદ્યાર્થીની છે?*........ 21
2. *મને કેવી રીતે જાણ થશે કે મારા બાળકો કેવી રીતે શાળામાં જાય છે?*........ 22
3. *હું શાળા વિષયક નિર્ણયો લેવામાં કેવી રીતે મદદ કરી શકું?*........ 23
4. *મારા બાળકોની શાળામાં હું કઈખાસ ગતિવિધિઓમાં હાજર રહી શકું?*........ 24
5. *મારા બાળકોની શાળામાં હું કઈ રીતે સ્વૈચ્છિક સેવા આપી શકું?*........ 25
6. *હું ઘરે શું કરી શકું જેથી મારા બાળકોની કેળવણીમાં મદદ મળે?*........ 25
7. *હું શું કરી શકું જેથી મારા બાળકોને હાઇ સ્કૂલ બાદ તેઓના જીવન આયોજીત કરવામાં મદદરૂપ થઈ શકું ?*........ 28

IX. પ્રૌઢ શિક્ષણ ______ 29

1. *અંગ્રેજી શીખવા અથવા અન્ય વર્ગો માટે હું ક્યાં જઈ શકું?*........29

# I. યુનાઇટેડ સ્ટેટ્સ શાળા પ્રણાલિ



ઇલિનૉઇમાં 7 થી 17 વયના બધાં બાળકોએ શાળામાં જવાનુ રહેશે. શાળા ઑગસ્ટના ઉત્તરાર્ધ અથવા સપ્ટેમ્બરના પૂર્વાર્ધમાં શરૂ થઈને જુનમાં સમાપ્ત થાય છે. જુન, જુલાઇ અને ઑગસ્ટમાં આશરે ત્રણ મહિના ઉનાળુ વેકેશન હોય છે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં સાર્વજનિક તેમજ ખાનગી શાળાઓ છે. સાર્વજનિક શાળાઓ નિઃશુલ્ક હોય છે અને ખાનગી શાળાઓ ફી લે છે જેને ટ્યુશન કહે છે. સાર્વજનિક શાળાઓ ચલાવવા માટેના કેટલાક નાણા તમારા સમુદાયના મિલકત વેરામાંથી આવે છે. જો તમે પોતાનું ઘર ધરાવતા હોવ તો તમારા મિલકત વેરા સાર્વજનિક શાળાઓના ખર્ચા આપવામાં મદદરૂપ થાય છે. જો તમે એપાર્ટમેન્ટ ભાડે લો તો બિલ્ડિંગના માલિક મિલકત વેરા ભરે છે. બિલ્ડિંગના માલિક તમારા ભાડાનો એક ભાગ આ વેરા ભરવામાં વાપરે છે. સાર્વજનિક શાળાઓના ખર્ચાને પહોંચી વળવા સરકાર પણ બીજા નાણાની મદદ કરે છે.

## 1. મારા શહેરમાં શાળાઓની ગોઠવણ કેવી રીતે કરવામાં આવી છે?

### સ્કૂલ ડિસ્ટ્રિક્ટ્સ અને સ્કૂલ બોર્ડ્સ

યુનાઇટેડ સ્ટેટ્સમાં સાર્વજનિક શાળાઓ ડિસ્ટ્રિક્ટ્સમાં વિભાજીત કરવામાં આવી છે. કેટલાક સ્કૂલ ડિસ્ટ્રિક્ટ્સ ફક્ત એક જ શહેર અથવા નાના શહેરનો સમાવેશ કરે છે, પરંતુ અન્ય ડિસ્ટ્રિક્ટ્સ એક કરતા વધુ શહેર અથવા નાના શહેરનો સમાવેશ કરે છે.

પ્રત્યેક સ્કૂલ ડિસ્ટ્રિક્ટમાં સ્કૂલ બોર્ડ હોય છે. સ્કૂલ બોર્ડના સદસ્યો તેઓની સ્કૂલ ડિસ્ટ્રિક્ટમાં નિવાસ કરે છે. સ્કૂલ બોર્ડ ડિસ્ટ્રિક્ટની શાળાઓ વિશે નિર્ણયો લે છે. દાખલા તરીકે, સ્કૂલ બોર્ડ નક્કી કરે કે શું ડિસ્ટ્રિક્ટ માટે નવી શાળાઓ ઉભી કરવી આવશ્યક છે કે

## 2. યુનાઇટેડ સ્ટેટ્સમાં કયા પ્રકારની શાળાઓ છે?

કેમ. સ્કૂલ બોર્ડ જ સૂપરિન્ટેન્ડન્ટને પણ પસંદ કરે છે. સૂપરિન્ટેન્ડન્ટ સ્કૂલ ડિસ્ટ્રિક્ટના ડિરેક્ટર હોય છે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં ઘણા બધાં પ્રકારની શાળાઓ છે.

**પ્રિ-સ્કૂલ (વય 3 અથવા 4)**: કેટલાક બાળકો પ્રિ-સ્કૂલમાં જાય છે. પ્રિ-સ્કૂલમાં બાળકો અન્ય બાળકો સાથે રમે છે અને શિક્ષકને સાંભળવાનું શીખે છે. પ્રિ-સ્કૂલમાં બાળકો તેવા કૌશલ્યોનો વિકાસ કરે છે જે તેઓને ત્યારે સારું કાર્ય કરવામાં મદદરૂપ થાય જ્યારે તેઓ કિંડરગાર્ટનમાં જશે. બાળકો સામાન્યતઃ સપ્તાહ દીઠ 2, 3 અથવા 5 દિવસ થોડા કલાકો હાજરી આપે છે. દરેક શાળામાં પ્રિ-સ્કૂલ હોતી નથી. કેટલીક પ્રિ-સ્કૂલ નિઃશુલ્ક હોય છે અને અન્ય ટ્યુશન ફી લે છે.

**કિંડરગાર્ટન (વય 5)**: જો બાળકો સપ્ટેમ્બર 1 પર અથવા ત્યાર પહેલા 5 વર્ષની વયના હોય તો તેઓ કિંડરગાર્ટનમાં જઈ શકે. બાળકોએ કિંડરગાર્ટનમાં જવું જ તેવું નથી, પરંતુ મોટા ભાગના બાળકો જાય છે. તેઓ કિંડરગાર્ટનમાં સોમવારથી શુક્રવાર જાય છે. મોટા ભાગના કિંડરગાર્ટન વર્ગો અડધા દિવસના હોય છે, અને કેટલાક આખા-દિવસના હોય છે.

**ગ્રેડ્સ 1 - 8 (એલિમેન્ટરી/મિડલ/જુનિયર હાઇ સ્કુલ)**: શાળાના વર્ષો યુનાઇટેડ સ્ટેટ્સમાં "ગ્રેડ્સ" તરીકે ઓળખાય છે. બાળકો શાળામાં પ્રત્યેક દિવસે સોમવારથી શુક્રવાર 5½ - 7 કલાક હાજરી આપે છે. વધુ નાના બાળકો સામાન્યતઃ એક જ ક્લાસરૂમમાં રહે છે અને એક આખા વર્ષ માટે એક શિક્ષક હોય છે. દિવસ દરમિયાન થોડા મોટા વિદ્યાર્થીઓના 6 થી 8 અલગ અલગ વર્ગો હોય છે. તેઓ જુદા જુદા કક્ષોમાં જઈ શકે અને તેઓના પ્રત્યેક વિષયના અલગ અલગ શિક્ષકો હોઇ શકે. 5 અથવા 6 થી 8માં ગ્રેડના બાળકો માટેની શાળાઓને મિડલ સ્કૂલ્સ અથવા જુનિયર હાઇ સ્કૂલ્સ તરીકે ઓળખાય છે.

**ગ્રેડ્સ 9 - 12 (હાઇ સ્કુલ)**: બાળકો સામાન્યતઃ 14 વર્ષની વયે હાઇ સ્કૂલમાં દાખલ થાય છે અને 18ની વયે સ્નાતક થાય છે. હાઇ સ્કૂલના વિદ્યાર્થીઓ વર્ગખંડો બદલે છે અને દિવસ દરમિયાન તેઓના અલગ અલગ શિક્ષકો હોય છે. હાઇ સ્કૂલ વિદ્યાર્થીઓને નોકરીઓ માટે અથવા સામુદાયિક કૉલેજ અથવા યુનિવર્સિટીમાં અધ્યયન કરવા માટે તૈયાર કરે છે.

**શાળાના પ્રોગ્રામ્સ પહેલા અને પછી**: કેટલીક શાળાઓમાં શાળા શરૂ થતા પહેલા બાળ કાળજીના પ્રોગ્રામ્સ હોય છે. આવી શાળાઓમાં, માતાપિતાઓ પોતાના બાળકોને શાળા શરૂ થાય ત્યાર પહેલા શાળામાં લાવી શકે છે. કેટલીક શાળાઓમાં બાળકો માટેના શાળા બાદના પ્રોગ્રામ્સ પણહોય છે. આ શાળાઓમાં,

બાળકો સંગીત, રમ, ગૃહકાર્ય સહાય અથવા અન્ય પ્રવૃત્તિઓ માટેના શાળા-બાદના પ્રોગ્રામમાં ભાગ લઈ શકે છે. કેટલીક શાળાઓ આ પ્રોગ્રામ્સની ફી લેતી હોય છે.

તમારે તમારા બાળકોની નોંધણી ખાસ પ્રોગ્રામ્સમાં કરવાની રહેશે અને તમારા બાળકો શાળા પર વહેલા આવે અથવા શાળા બાદ મોડે સુધી રહે તે માટે લેખિત પરવાનગી આપવાની રહેશે.

**સમર સ્કૂલ (ઉનાળુ શાળા)**: ઘણી બધી એલિમેન્ટરી અને હાઇ સ્કૂલો સમર સ્કૂલની તક આપે છે. ઉનાળાના કેટલાક વર્ગો તેવા વિદ્યાર્થીઓ માટે હોય છે જેઓને શાળામાં વધારાની મદદની આવશ્યકતા હોય છે. કેટલાક વર્ગો ખાસ પ્રવૃત્તિઓ અથવા વિષયોને લગતા હોય છે જેમકે કોમ્પ્યુટર વર્ગો. સમર સ્કૂલ માટે ફી આપવાની જરૂરિયાત હોઇ શકે.

**હાઇ સ્કૂલ પછી**: હાઇ સ્કૂલમાંથી જે વિદ્યાર્થીઓ સ્નાતક થાય તેઓ નોકરી કરવાનું અથવા મિલિટરીમાં જોડાવાનું પસંદ કરી શકે છે. તેઓની ઇચ્છા વ્યાવસાયિક શાળાઓ, સામુદાયિક કોલેજો, અથવા 4-વર્ષની કોલેજો અથવા યુનિવર્સિટી (વિશ્વવિદ્યાલયો)માં અધ્યયન ચાલુ રાખવાની હોઇ શકે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં ઘણી બધી ખાનગી અને સાર્વજનિક 4-વર્ષની કોલેજો અને યુનિવર્સિટી છે. ખાનગી અને સાર્વજનિક કોલેજો અને યુનિવર્સિટીઓ ઘણી ખર્ચાળ હોઇ શકે. વિદ્યાર્થીઓ પોતાના શિક્ષણ માટે શિષ્યવૃત્તિ અને લોન્સ (ધીરાણ) માટે અરજી કરી શકે છે. નિઃશુલ્ક શિક્ષણ પ્રાપ્ત કરવા માટે કેટલાક જુવાન લોકો મિલિટરીમાં જોડાઇ જાય છે.

સમૂદાયની કોલેજો 2-વર્ષની સાર્વજનિક શાળાઓ છે જેનું નીધિયન મિલકત વેરા અને સરકાર દ્વારા થાય છે. ખાનગી અથવા સાર્વજનિક યુનિવર્સિટીઓ કરતા તે ઓછી ખર્ચાળ હોય છે. સામુદાયિક કૉલેજમાં ૨ વર્ષ સુધી હાજરી આપ્યા બાદ વિદ્યાર્થીઓ અસોસિએટ

## 3. શું તેવા વિદ્યાર્થીઓ માટે શાળાઓ છે જેઓએ હાઇ સ્કૂલ પૂર્ણ કરી ન હોય?

ઑફ આર્ટ્સ ડીગ્રી પ્રાપ્ત કરી શકે છે અથવા તેમનો અભ્યાસ આગળ ચાલુ રાખવા માટે 4-વર્ષની યુનિવર્સિટીમાં તબદીલ થઈ શકે છે.

હાઇ સ્કૂલમાંથી સ્નાતક થવા માટે બાળકોએ ગ્રેડ્સ 1 - 12માં હાજરી આપવાની રહેશે. હાઇ સ્કૂલમાંથી સ્નાતક થવું બહુ અગત્યનું છે. મોટા ભાગની યુનિવર્સિટીઓ અને નોકરીદાતાઓ માટે હાઇ સ્કૂલ ડિપ્લોમા જરૂરી હોય છે. પરંતુ કેટલાક વિદ્યાર્થીઓ તેઓ સ્નાતક થાય ત્યાર પહેલા જ હાઇ સ્કૂલ છોડી દેતા હોય છે. તેઓ શાળામાંથી નીકળી જાય છે. આવા વિદ્યાર્થીઓ માટે અલગ અલગ પ્રોગ્રામ્સ છે:

**સાંજના વર્ગો**: શાળામાંથી નીકળી ગયેલા વિદ્યાર્થીઓ માટે કેટલીક હાઇ સ્કૂલોમાં સાંજના વર્ગો ચાલતા હોય છે.

**વૈકલ્પિક હાઇ સ્કૂલ**: કેટલાક ડિસ્ટ્રિક્ટ્સમાં વૈકલ્પિક હાઇ સ્કૂલ્સ હોય છે. સામાન્યપણે આ નિયમિત હાઇ સ્કૂલ્સથી અલગ મકાનમાં નાની શાળાઓ હોય છે.

**જીઈડી વર્ગો**: વયસ્કો માટે જનરલ એજ્યુકેશન ડેવેલપમેન્ટ (જીઈડી) પરિક્ષાઓ પાસ કરવામાં મદદરૂપ થવા દિવસમાં અને સાંજે વર્ગો ચાલે છે. વયસ્કો જીઈડીનો ઉપયોગ હાઇ સ્કૂલ ડિપ્લોમાની જેમ કરી શકે છે. મોટા ભાગની યુનિવર્સિટીઓ અને નોકરીદાતાઓ જીઈડીને સ્વીકારે છે. સાર્વજનિક વાચનાલયોની સ્થાનિક શાખાઓમાં સામાન્યપણે જીઈડી વર્ગો વિશે માહિતી મળી રહે છે.

# II. શાળામાં નોંધણી કરવી




**1. હું મારા બાળકોની નોંધણી શાળામાં કેવી રીતે કરાવીશ? મને કયા દસ્તાવેજોની આવશ્યકતા રહેશે?**

**નોંધણી માટે તમને જોઇશે તેવા કાગળીયા:**

- ઉપલબ્ધ હોય તો જન્મની તારીખનો પુરાવો (બાળકનું જન્મ પ્રમાણપત્ર)
- સોશ્યલ સિક્યોરિટી નંબર, ફક્ત જો ઉપલબ્ધ હોય (વૈકલ્પિક)
- આરોગ્ય વિષયક દસ્તાવેજો: શાળાના તબીબી અને ડેન્ટલ ફોર્મ્સ હશે જે તમારે ભરવા અને શાળામાં પાછા લાવવા જરૂરી છે.
- સરનામાનો પુરાવો: (દાખલા તરીકે, યુટિલિટી બીલ, એપાર્ટમેન્ટ લીઝ, ગીરો એકાઉન્ટ અથવા ઘરની માલિકીનો પુરાવો, પગારનો ચેક અથવા પગાર ચિઠ્ઠી, સરનામાવાળી ટપાલ, વાહનનું ટાઇટલ અથવા રજીસ્ટ્રેશન કાર્ડ, પ્રમાણભૂત ઇલિનોઇ ડ્રાઇવર લાઇસન્સ, અથવા નિવાસનું નોટરી કરેલ સોગંદનામુ (સોગંદપૂર્વક કરેલ વિધાન))
- ઉપલબ્ધ હોય તો અગાઉની શાળા(ઓ)ની ટ્રાન્સ્ક્રિપ્ટ્સ. દાખલા તરીકે, માતાપિતા પાસે અન્ય યુ એસની શાળાઓના અથવા પોતાના મૂળ દેશોની શાળાઓના શાળા રેકોર્ડ્ઝ હોઇ શકે.

નોંધણી માટે જોઇએ તેવા કાગળોની યાદી શાળા પાસે માંગશો.

શાળા તમને તમારા બાળક અને કુટુંબ વિશેની માહિતીથી ફોર્મ્સ ભરીને પૂર્ણ કરવા જણાવી શકે. તમામ નવા વિદ્યાર્થીઓ માટે હોમ લૅન્ગ્વેજ સર્વે પૂર્ણ કરવામાં આવે છે. હોમ લૅન્ગ્વેજ સર્વે પૂછે છે કે શું તમારા ઘરમાં કોઇ પણ વ્યક્તિ કોઇ અન્ય ભાષા બોલે છે અથવા તો શું તમારું બાળક કોઇ બીજી ભાષા બોલે છે કે કેમ. શાળાઓ તેવા બાળકોની અંગ્રેજીની પરીક્ષા લે છે જેઓ તેવા ઘરોમાંથી આવતા હોય જ્યાં અંગ્રેજી સિવાયની કોઇ અન્ય ભાષા બોલાતી હોય. વિદ્યાર્થીઓ જેઓ અંગ્રેજીમાં નિપૂણ ન હોય તેઓને દ્વિ-ભાષીય શિક્ષણ અથવા અંગ્રેજી બીજી ભાષા તરીકે હોય તેવા વર્ગોમાં મુકવામાં આવે છે (ESL).

## 2. મારા બાળકો શાળાની શરૂઆત કરે ત્યાર પહેલા તેઓને કઈ પરીક્ષાઓ અને તબીબી ફોર્મસની આવશ્યકતા રહેશે?

જ્યારે બાળકો શાળામાં પ્રથમ વખત દાખલ થાય ત્યારે તેમનું શારીરિક પરીક્ષણ કરાવવાનું રહેશે. ડૉકટર તબીબી ફોર્મ ભરશે. તબીબી ફોર્મમાં રસીકરણની નોંધો સામેલ હશે. બાળકોની તપાસ ત્યારે પણ કરાવવાની રહેશે જ્યારે તેઓ કિંડરગાર્ટનમાં અથવા 1લા ગ્રેડમાં, 6ઠ્ઠા અને 9મા ગ્રેડમાં દાખલ થશે. જો બાળકો પાસે આવશ્યક તેવા તબીબી ફોર્મ્સ નહીં હશે તો શાળા શરૂ થશે ત્યારે તેમને વર્ગમાં હાજર રહેવા દેવામાં આવશે નહીં.

**રસીકરણો**: તમામ વિદ્યાર્થીઓના નિમ્નલિખિત રોગો પ્રત્યેના રસીકરણો (રસીઓ) થયેલ હોવા જોઇશે:

- ડિફથેરિયા-પરટુસિસ (સસણી)-ટિટેનસ (ધનૂર) (DPT)
- પોલિયો
- મિઝલ્સ (ઓરી)
- રૂબેલા (જર્મન મિઝલ્સ)
- મમ્પ્સ
- હિપેટાઇટિસ-બી (પ્રિ-સ્કૂલ કે 5મા ગ્રેડ કે ઉપરના ગ્રેડમાં દાખલ થતા બાળકો માટે)
- હિમોફિલસ ઇન્ફ્લુએન્ઝે ટાઇપ બી (પ્રિસ્કૂલમાં દાખલ થતા બાળકો માટે))
- વૅરિસેલા (ચીકન પૉક્સ) (પ્રિ-સ્કૂલ થી 10મા ગ્રેડમાં દાખલ થતા બાળકો માટે)
- ટીડૅપનો પુરાવો (DPT બૂસ્ટર) (6ઠ્ઠાથી 9મા ગ્રેડમાં દાખલ થતા બાળકો માટે)

## 3. જો મારા બાળકોના રસીકરણો અમારા મૂળ દેશમાં અથવા અન્ય રાજ્યમાં થઈ ચુક્યા હોય તો શું?

જો બાળકના આમાંના કેટલાક રસીકરણો અન્ય દેશમાં અથવા રાજ્યમાં થઈ ચુક્યા હોય તો માતાપિતાએ બાળકના શારીરિક પરીક્ષણ વખતે હાજર રહેલા ડૉકટરને તબીબી રેકૉર્ડ બતાવવાના રહેશે. જો રસીકરણોની કોઇ તબીબી નોંધ ન હોય તો બાળકે તે શૉટ્સ ફરી લેવાના રહેશે.

## 4. શું નોંધણી પહેલા મારા બાળકોએ ડેન્ટિસ્ટની મુલાકાત લેવી જરૂરી છે?

બાળકોનું દંત પરીક્ષણ તેઓ કિંડરગાર્ટન, 2જું અને 6ઠ્ઠું ગ્રેડ શરૂ કરે ત્યાર પહેલા જરૂરી છે. ડેન્ટિસ્ટે શાળા માટે દંત પરીક્ષણ ફોર્મ પૂર્ણ કરવાનું રહેશે.

## 5. મારા બાળકો માટે બીજા કયા પરીક્ષણો જરૂરી છે?


કિંડરગાર્ટનમાં દાખલ થતા હોય તેવા બાળકો અથવા પ્રથમ વખત ઇલિનૉઇની શાળાઓમાં નોંધણી કરાવતા બાળકો માટે આંખનું પરીક્ષણ કરાવવું આવશ્યક છે. પ્રિસ્કૂલમાં દાખલ થતા બાળકો માટે આંખનું પરીક્ષણ આવશ્યક નથી. તબીબી ડૉકટર જેઓ આંખની સંભાળ પૂરી પાડતા હોય અથવા તો પરવાનેદાર ઓપ્ટોમેટ્રિસ્ટે પરીક્ષણ કરવાનું રહેશે.

મોટા ભાગની એલિમેન્ટરી શાળાઓમાં બાળકો દ્રષ્ટિ (આંખ)ની, સાંભળવાની (કાન) અને પીઠની સમસ્યાઓની તપાસોમાંથી પસાર થાય છે. જે બાળકો ચષ્મા પહેરતા હોય તેઓ દ્રષ્ટિની તપાસ નથી મેળવતા. જો તપાસમાં બાળકની દ્રષ્ટિમાં, સાંભળવામાં અથવા પીઠમાં સમસ્યા જણાઇ આવે તો શાળા બાળકના માતાપિતાને પત્ર લખી મોકલાવે છે. જો તમે શાળામાંથી પત્ર મેળવો તો તમારે બાળકને ડૉકટર અથવા ક્લિનિકમાં પૂર્ણ પરીક્ષણ માટે લઇ જવું.

## 6. શારીરિક પરીક્ષણ માટે અમે ક્યાં જઈ શકીએ?

બાળકોના શારીરિક પરીક્ષણો અને રસીકરણો ડૉકટરના કાર્યાલય પર અથવા ક્લિનિક ઉપર થઇ શકે છે. તમામ શાળાઓ પાસે નિશુલ્ક અથવા ઓછા-ખર્ચના પરીક્ષણો અને રસીકરણો વિશેની માહિતી હોય છે.

# III. શાળાનું સમયપત્રક અને શાળાનો દિવસ




## 1. મારા બાળકો પ્રત્યેક દિવસે શાળામાં કેટલો સમયરહેશે?

મોટા ભાગની શાળાઓ ઑગસ્ટના ઉત્તરાર્ધમાં અથવા સપ્ટેમ્બરના પૂર્વાર્ધમાં શરૂ થઈને જુનના પહેલા અથવા બીજા અઠવાડિયામાં સમાપ્ત થાય છે. કેટલીક શાળાઓ આખું વર્ષ ચાલુ રહે છે. શાળાનો દિન સામાન્યપણે આશરે 5 1/2 - 7 કલાકોનો હોય છે. વિદ્યાર્થીઓ સામાન્યપણે બપોરે શાળામાં જ ભોજન લે છે. કેટલાક બાળકો શાળામાં બપોરનું ભોજન લાવે છે. કેટલીક શાળાઓમાં બાળકો પોતાનું બપોરનું ભોજન શાળામાંથી ખરીદી શકે છે

## 2. શું તેવી રજાઓ અથવા ખાસ દિવસો છે જ્યારે બાળકો શાળામાં નહીં જશે?

મોટા ભાગની શાળાઓમાં ડિસેમ્બરના ઉત્તરાર્ધથી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી બે સપ્તાહનું શિયાળુ વેકેશન હોય છે. વસંત ઋતુમાં પણ તેઓનું એક સપ્તાહનું વેકેશન હોય છે. કેટલીક રાષ્ટ્રીય રજાઓ જ્યારે શાળાઓ બંધ રહેશે તે નીચે મુજબ છે:

- Labor Day: સપ્ટેમ્બરનો 1લો સોમવાર
- Thanksgiving: નવેમ્બરનો 4થો ગુરૂવાર
- New Year's Day: જાન્યુઆરી 1લી
- Martin Luther King Day: જાન્યુઆરીમાં 3જો સોમવાર
- Presidents' Day: ફેબ્રુઆરીમાં 3જો સોમવાર
- Memorial Day: મેમાં 4થો સોમવાર


શાળાઓ અન્ય દિવસો પર પણ બંધ રહે છે. શાળાઓ પોતાની જ કેટલીક રજાઓ પાળે છે. સંસ્થાના દિવસો પર શિક્ષકો માટે ખાસ સભાઓ હોય છે. કેટલીક વખત સંસ્થાના દિવસોમાં શાળા બંધ રહે છે અને અન્ય સમયે બાળકો ઘરે વહેલા જાય છે. જ્યારે બાળકો વહેલા ઘરે જાય છે તેને અર્લી રિલિઝ કહેવામાં આવે છે. શાળા સમયપત્રક સૂચિત કરે છે કે સંસ્થા દિન, રજાઓ, વેકેશનો નિમિત્તે ક્યારે બાળકો ઘરે રહેશે અથવા ક્યારે અર્લિ રિલિઝ (વહેલા છુટશે) રહેશે. જો તમારા બાળકે ધાર્મિક કારણોસર રજા પાડવાની જરૂર પડે તો શાળામાં ફોન કરી બાળકની ગેરહાજરીની જાણકારી આપશો.

**શાળા બંધ રહેવાના પ્રસંગો**: કેટલીક વખતે વાતાવરણ બહુ ખરાબ હોય ત્યારે શાળાઓ બંધ રહેશે. દાખલા તરીકે, જો બહાર બહુ બરફ હોય અથવા ટોરનાડો હોય તો શાળા બંધ થઈ શકે. તમારા બાળકોની શાળા બંધ છે કે કેમ તે માટે તમે સવારે રેડિયો પરથી અથવા ટેલિવિઝનના સમાચાર જોઇને જાણી શકો છો.

## ☞ મદદરૂપ ઇશારો ☜

**તમારા બાળકની નોંધણી કરો ત્યારે શાળાનું સમયપત્રક માંગશો.**

# IV. શાળામાં જવા બાબતે





## 1. રોજ મારા બાળકો શાળાએ આવ-જા કેવી રીતે કરી શકશે?

બાળકો જેઓ શાળાની નજીક રહેતા હોય તેઓ સામાન્યતઃ ચાલીને શાળાએ જાય છે. બાળકો જેઓ શાળાથી દૂર રહેતા હોય તેઓ સામાન્યપણે બસમાં પ્રવાસ કરે છે અથવા સાર્વજનિક પરિવહનનો ઉપયોગ કરે છે. સ્કૂલ બસ નિશુલ્ક હોય છે અથવા ઓછી-ખર્ચાળ હોય છે. જો તમારું બાળક સ્કૂલ બસમાં જાય તો તમારે નીચેની જાણકારી લેવી આવશ્યક છે:

- સ્કૂલ બસનો નંબર
- તમારું બાળક કયા સ્થળેથી બસમાં ચઢે છે
- તમારું બાળક કયા સમયે બસમાં ચઢે છે
- તમારું બાળક કયા સ્થળ પર બસમાંથી ઉતરે છે
- તમારું બાળક કયા સમયે બસમાંથી ઉતરે છે

# V. શાળાની કાર્યપ્રણાલીઓ



## 1. મારું બાળક માંદુ હોય તો મારે શું કરવું?

જો બાળકો માંદા હોય તો તેઓએ ઘરે જ રહેવું જોઇએ. કેટલીક વખત માતાપિતા માંદા બાળકને શાળામાં મોકલે છે કારણકે તેઓને કામ પર જવાનું હોય છે અને બાળક સાથે ઘરે રહી શકતા નથી. પરંતુ માંદુ બાળક શાળાના અન્ય બાળકોને માંદા કરે છે. મોટા ભાગની શાળાઓ ઇચ્છે છે કે માતાપિતા તેમના બાળકને શાળામાં ન મોકલે જો:

- બાળકને 100° F અથવા વધુ તાવ હોય
- બાળકે આગામી રાતે અથવા શાળામાં જતા પહેલા સવારે ઊલટી કરી હોય
- બાળકને બહુ ખાંસી હોય
- બાળકને ત્વચા ઉપર ફોલ્લીઓ હોય અથવા ઘા હોય
- બાળકમાં જૂ નો ઉપદ્રવ હોય (માતાપિતાએ બાળકના વાળ ખાસ શેમ્પૂથી ધોવા અને વાળમાંથી લીખ (જૂ ના ઇંડા) દૂર કરવી. આમ કર્યા પછી, બાળક ફરીથી શાળામાં પાછું જઈ શકે છે.)
- બાળકને ચીકન પૉક્સ થયા હોય (ચીકન પૉક્સ શરૂ થાય ત્યાર બાદ બાળકે 7 દિવસ સુધી ઘરે જ રહેવું.)
- બાળકને સ્ટ્રેપ થ્રોટ (ગળામાં ચેપ) હોય (24 – 48 કલાક સુધી ઍન્ટિબાયોટિક લીધા પછી બાળક ફરી શાળામાં જઈ શકે છે.)
- બાળકને સ્કાર્લેટ ફિવર હોય (24 – 48 કલાક સુધી ઍન્ટિબાયોટિક લીધા પછી બાળક ફરી શાળામાં જઈ શકે છે.)
- બાળકની આંખ આવી હોય (કંજંક્ટિવાઇટિસ) (પિંકઆય)

સામાન્યપણે શાળાઓ માતાપિતાને પત્ર લખી જણાવે છે જો તેમના બાળકના વર્ગમાં કોઇ વિદ્યાર્થીને ચીકન પૉક્સ, સ્ટ્રેપ થ્રોટ, સ્કાર્લેટ ફિવર અથવા જૂના ઉપદ્રવ જેવી ચેપી બિમારી થઈ હોય. આ પત્ર તમને જાણ કરશે કે જો તમારું બાળક માંદુ પડે તો શું શોધવું.

## 2. જો મારા બાળકે શાળામાં દવા લેવાની જરૂરિયાત હોય તો શું?

સિવાય કે અત્યંત આવશ્યક હોય માતાપિતાએ બાળકો સાથે દવાઓ મોકલવી નહીં. બાળકોને પોતાની જાતે શાળામાં દવા લેવાની છુટ નથી. જો બાળક માટે શાળામાં દવા લેવી જરૂરી હોય તો માતાપિતાએ શાળાના નર્સને નામે એક ચિઠ્ઠી લખવી. બાળકે દવા શાળાના નર્સના કાર્યાલયમાં લાવવી. કેટલીક શાળાઓને ડૉકટરની ચિઠ્ઠીની આવશ્યકતા હોય છે.

માતાપિતાએ દવા મૂળ ફાર્મસીની શીશીમાં જ મોકલવી, નહીં કે કોઇ થેલી અથવા પરબિડીયામાં. શીશી ઉપર નીચેની બાબતો સહ લેબલ હોવું જોઇએ:

- બાળકનું નામ
- ડૉકટરનું નામ
- દવાનું નામ
- દવા ક્યારે અને કેટલી માત્રામાં આપવી

બાળકે દવા લેવા માટે શાળાના નર્સના કાર્યાલયમાં આવવાનું રહેશે.

## 3. મને મારા બાળકના આરોગ્ય વિષયક પ્રશ્નો હોય તો મારે કોને કૉલ કરવો ?

શાળામાં બાળકના સ્વાસ્થ્ય વિશે જો તમને કોઇ પ્રશ્ન હોય તો શાળાના નર્સ અથવા આરોગ્ય ક્લર્કને ફોન કરવો. જો તમે ગેરહાજરીની જાણકારી આપતા હોવ તો શાળાના મંત્રીને ફોન કરશો.

## 4. જો શાળામાં મારું બાળક માંદુ પડે અથવા તેનો અકસ્માત થાય તો શાળા મારા સધી કેવી રીતે પહોંચશે?

જો બાળક માંદુ પડે અથવા તેનો અકસ્માત થાય તો શાળા તમને અથવા કટોકટી કાર્ડ ઉપરના વ્યક્તિને ફોન કરશે.

**કટોકટી કાર્ડ માહિતી:** જ્યારે તમે તમારા બાળકની નોંધણી શાળામાં કરશો ત્યારે શાળા તમને આ ફોર્મ આપશે. કટોકટી કાર્ડ ઉપર તેવા વ્યક્તિનું નામ અને ફોન નંબર લખો જેમને તમારું બાળક

માંદુ પડે અથવા તેને અકસ્માત નડે ત્યારે ફોન કરી શકાય. પ્રત્યેક બાળક માટે કટોકટી કાર્ડ ભરવું અને શાળાને પાછું મોકલવું બહુ મહત્વપૂર્ણ છે.

નીચેની બાબતો લખવી અગત્યની છે:

- દિવસ દરમિયાન તમે ક્યા છો ત્યાંનો ટેલીફોન નંબર
- સંબંધી અથવા નજીકના મિત્રનું નામ અને ટેલિફોન નંબર
- તમારા બાળકના ડૉકટર અથવા ક્લિનિકનું નામ અને ટેલિફોન નંબર
- તમારા બાળકની કોઇ પણ ખાસ આરોગ્યલક્ષી જરૂરિયાતો

જો આ માહિતી કોઇ પણ સમયે બદલાય, તો શાળાનો સંપર્ક કરશો અને નવું કટોકટી કાર્ડ ભરી લેશો.

**સ્થળાંતર**: જો તમે કોઇ અન્ય એપાર્ટમેન્ટ અથવા ઘરમાં સ્થળાંતર કરો, તો તમારે શાળાનો સંપર્ક કરવો અને તેઓને નવું સરનામું અને ફોન નંબર આપવો. તમારે નવું કટોકટી કાર્ડ પણ ભરી લેવું.

## 5. જો મારું બાળક શાળામાં મોડું પડે અથવા ગેરહાજર રહેવાની જરૂર પડે તો મારે શું કરવું?

**શાળાએ આવવામાં વિલંબ**: બાળકો શાળા પર આવવામાં મોડા પડવા જોઇએ નહીં. બાળકોએ શાળા પર સમયસર આવી જવું. જો બાળકો મોડા આવશે તો શિક્ષક મોડા અથવા વિલંબે આવવાની આદતવાળા તરીકે તેઓની નોંધ લેશે. જો તમારું બાળક મોડું પડવાનું હોય તો સવારે તમારે શાળામાં ફોન કરવો જોઇએ. અથવા તમે તમારા બાળક સાથે શાળામાં ચિઠ્ઠી મોકલી શકો છો.

**શાળામાં ગેરહાજર**: જ્યારે તમારું બાળક શાળા પર આવી શકે નહીં ત્યારે દર રોજ વહેલી સવારે શાળા શરૂ થાય ત્યાર પહેલા શાળામાં ફોન કરશો. કેટલીક શાળાઓમાં વૉઇસ મેલની સગવડ હોય છે. માતાપિતા શાળાના વૉઇસ મેલ પર સંદેશા છોડી શકે છે.

જ્યારે તમે શાળા પર ફોન કરો ત્યારે તમારે નિમ્નલિખિત માહિતી બોલવાની રહેશે:

- તમારા બાળકનું નામ
- તમારા બાળકનું ગ્રેડ અને શિક્ષક
- તમારું બાળક કેમ ગેરહાજર રહેવાનું છે

- તમારું નામ અને ફોન નંબર

કેટલીક વખત માતાપિતા તેમના બાળકોને દિવસ દરમિયાન શાળા સમાપ્ત થાય ત્યાર પહેલા શાળામાંથી બહાર લઈ જતા હોય છે. તેઓએ તેઓના બાળકોને ડેન્ટિસ્ટ અથવા ડૉક્ટર પાસે લઈ જવાના હોય તેમ બની શકે. જો તમારે તમારા બાળકોને શાળા બહાર લઈ જવા હોય તો તમારે શિક્ષકને ચિઠ્ઠી લખવાની રહેશે. તમારા બાળકે તે ચિઠ્ઠી સવારે શિક્ષક પાસે લઈ જવાની રહેશે. ચિઠ્ઠીમાં આ બાબતે જાણકારી હશે:

- તમે કેમ તમારા બાળકને શાળા બહાર લઈ જાઓ છો
- તમે કયા સમયે તમારા બાળકને શાળા બહાર લઈ જશો
- જો તે અથવા તેણી માતાપિતા કે વાલી ન હોય તો તમારા બાળકને પિક અપ કરતા વ્યક્તિનું નામ

જ્યારે તમે શાળામાં તમારા બાળકને પિક અપ કરવા જાઓ ત્યારે કાર્યાલયમાં જઈને તમારા બાળક માટે પૂછો. શાળા તમારી પાસે એક કાગળ ઉપર સહી કરાવશે જેથી તમારું બાળક નીકળી શકે.

**કૌટુંબિક વેકેશનો**: માતાપિતાએ તેઓના બાળકોને શાળાના સમય દરમિયાન વેકેશનો પર લઈ જવા જોઇએ નહીં. માતાપિતાઓએ કૌટુંબિક વેકેશનો શાળાના વેકેશનો દરમિયાન લેવા જોઇએ. જો તમારે શાળાના સમય દરમિયાન વેકેશન લેવું જ હોય તો તમારે તમારા બાળકના શિક્ષક સાથે તમે જાઓ ત્યાર પહેલા વાત કરવી જોઇએ.

**ચુકી ગયેલ કામ કરવા બાબત**: બાળકો જેઓ શાળામાં ગેરહાજર રહે તેઓએ ચુકી ગયા હોય તે શાળાનું કાર્ય અને ઘરકાર્ય કરવાનું રહેશે. જો બાળક શાળામાં 2 દિવસ કરતા વધુ સમય ગેરહાજર રહે તો મોટા ભાગની શાળાઓ ઇચ્છે છે કે માતાપિતા શાળાને ચુકી ગયેલ કાર્ય મેળવવા માટે ફોન કરે. તમે અથવા તમારા બાળકના મિત્ર બાળકના વર્ગમાં ચુકી ગયેલ કાર્ય મેળવવા માટે જઈ શકે છે.

## 6. શું હું મારા બાળકની શાળાની મુલાકાત લઈ શકું?

**શાળાની મુલાકાત લેવા વિષયક**: માતાપિતાનું તેમના બાળકોની શાળાની મુલાકાત લેવા માટે સ્વાગત છે. જ્યારે તમે શાળાની મુલાકાત લો, ત્યારે તમારે પ્રથમ મુલાકાતીના પાસ

## 7. શું શાળામાં કોઇ પણ વસ્તુ માટે મારે ખર્ચ કરવો પડશે?

લેવા કાર્યાલયમાં જવાનું રહેશે. તમે તમારા બાળકોના વર્ગખંડની મુલાકાત લઈ શકો છો, પરંતુ તમે વર્ગ ચાલુ હોય તે દરમિયાન શિક્ષક સાથે વાત કરી શકશો નહીં.

જો માતાપિતાએ શિક્ષક સાથે વાત કરવી હોય તો તેમણે અગાઉથી એપૉઇન્ટમેન્ટ લેવાની રહેશે.

કેટલીક શાળા પ્રવૃત્તિઓ અથવા સામગ્રી માટે ફી લેવામાં આવે છે.

**પુસ્તકની ફી**: પાઠ્યપુસ્તકો માટે પુસ્તક ફી હોય છે. જો પુસ્તક ફી કોઇ કુટુંબ માટે ભરવી બહુ મોંઘી હોય, તો માતાપિતા શાળા સાથે ઘટાડેલ અથવા જતી કરવામાં આવેલ ફી વિશે વાત કરી શકે છે. તમારા બાળકે પુસ્તકોની સારી કાળજી લેવાની રહેશે. શાળાના વર્ષની અંતે તમારા બાળકે કેટલીક અથવા તમામ પુસ્તકો શાળાને પાછી કરવાની રહેશે.

**વધારાની પ્રવૃત્તિઓ**: કેટલીક વખત રમતગમત, સંગીતના પાઠો, અથવા શૈક્ષણિક અથવા સામાજિક ક્લબો જેવી વધારાની પ્રવૃત્તિઓ માટે ફી લેવામાં આવે છે. આમાંની ઘણી ખરી પ્રવૃત્તિઓ શાળા પહેલા અથવા પછી કરવામાં આવે છે.

**ફિલ્ડ ટ્રિપ**: કેટલીક વખત વિદ્યાર્થીઓ ફિલ્ડ ટ્રિપ્સ (શૈક્ષણિક સહલ) ઉપર મ્યુઝિયમો, પ્રાણીબાગ અને અન્ય સ્થળો પર જાય છે. બાળક ફિલ્ડ ટ્રિપ ઉપર જઈ શકે ત્યાર પહેલા માતાપિતાએ પરવાનગી ઉપર સહી કરવાની રહેશે. કેટલીક વખત ફિલ્ડ ટ્રિપના ખર્ચને પહોંચવા માટે નાની એવી ફી લેવામાં આવે છે. કેટલીક વખત માતાપિતાને શિક્ષકને બાળકોને સંભાળવામાં સ્વેચ્છાથી મદદરૂપ થવા માટેની તક આપવામાં આવે છે.

**બપોરનું ભોજન**: જો બાળકો શાળામાં તેઓનું બપોરનું ભોજન ન લાવતા હોય, તો સામાન્યપણે તેઓ શાળામાં બપોરનું ભોજન ખરીદી શકે છે. મોટા ભાગની શાળાઓમાં તેવા માતાપિતા માટે જેઓને ખર્ચ પરવડતો ન હોય, નિશુલ્ક અથવા ઘટાડેલા દરે આપવામાં આવતા બપોરના ભોજનનો પ્રોગ્રામ હોય છે. તેઓના બાળકો નિશુલ્ક અથવા ઘટાડેલા દરે આપવામાં આવતું બપોરનું ભોજન પ્રાપ્ત કરવા માટે માતાપિતાએ તેમના કૌટુંબિક આવક વિશેનું ફોર્મ ભરવાનું રહેશે.

## 8. જો મને શાળાની કાર્યપ્રણાલીઓ વિશે કોઇ પ્રશ્ન હોય તો મારે કોને પૂછવું?

જો તમને શાળાની કાર્યપ્રણાલીઓ વિષયક પ્રશ્નો હોયતો તમે શાળાના મંત્રી અથવા તમારા બાળકના શિક્ષકને ફોન કરી શકો છો.

# VI. લોકો જેઓ શાળાઓમાં કાર્યરત છે



## 1. શાળા ડિસ્ટ્રિક્ટ કાર્યાલયોમાં અને શાળાઓમાં કાર્ય કરે છે તે લોકો કોણ છે?

શાળાના કર્મચારીગણ તેવા લોકો છે જેઓ શાળાઓમાં કામ કરે છે. ત્રણ પ્રકારના શાળા કર્મચારીગણ હોય છે. વહીવટકર્તાઓ, શિક્ષકો અને ટેકો આપતો સ્ટાફ

***વહીવટકર્તાઓ*** વિદ્યાર્થીઓને ભણાવતા નથી. તેઓ શાળાઓની જવાબદારી સંભાળે છે. ત્રણ પ્રકારના વહીવટકર્તાઓ હોય છે:

- *સૂપરિન્ટેન્ડન્ટ*: સૂપરિન્ટેન્ડન્ટ સ્કૂલ ડિસ્ટ્રિક્ટના વહીવટકર્તા હોય છે.

- પ્રિન્સિપાલ: ડિસ્ટ્રિક્ટની પ્રત્યેક શાળાના પ્રિન્સિપાલ હોય છે જેઓ શાળાના વહીવટકર્તા હોય છે.

- *સહાયક પ્રિન્સિપાલ:* કેટલીક વખત શાળાઓ પાસે પ્રિસિપાલને મદદ કરવા માટે સહાયકો હોય છે.

***શિક્ષકો*** શાળામાં વિદ્યાર્થીઓને શીખવે છે. ઘણા બધાં પ્રકારના શિક્ષકો હોય છે:
- હોમરૂમ/*ડિવિઝન શિક્ષક* મીડલ, જુનિયર હાઇ અને હાઇ સ્કૂલમાં પ્રત્યેક શાળાકીય દિવસોમાં વિદ્યાર્થીઓ તેમના હોમરૂમ/ડિવિઝન શિક્ષકને પ્રથમ 10 અથવા 15 મિનિટ

સુધી મળે છે. હોમરૂમ દરમિયાન વિદ્યાર્થીઓ જાહેરાતો સાંભળે છે અને શાળાકીય દિવસની માહિતી મેળવે છે.

- *વર્ગ શિક્ષક:* કિંડરગાર્ટનથી 5માં અથવા 6ઠ્ઠા ગ્રેડ સુધી, શાળાના દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ સામાન્યતઃ પોતાના વર્ગ શિક્ષક સાથે રહે છે. વર્ગ શિક્ષક સામાન્યપણે ઘણા બધા વિષયો શીખવે છે જેમકે વાંચન, ગણિત અને વિજ્ઞાન.
- *દ્વિભાષી શિક્ષક:* દ્વિભાષી શિક્ષક વિદ્યાર્થીઓની મૂળ ભાષામાં અને અંગ્રેજીમાં વિષયો શીખવે છે.
- બીજી ભાષા તરીકે અંગ્રેજી *(ઈએસએલ) શિક્ષક:* ઇએસએલ શિક્ષક તેવા વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવે છે જેઓ અંગ્રેજી એટલું બોલતા ન હોય.
- *વિશિષ્ટ તાલીમ આપતા શિક્ષક:* વિશિષ્ટ તાલીમ આપતા શિક્ષક ખાસ જરૂરિયાતોવાળા અપંગ વિદ્યાર્થીઓને શીખવે છે.
- *પ્રતિભાસંપન્ન શિક્ષક:* પ્રતિભાસંપન્ન શિક્ષક વર્ગોમાં વધુ મુશ્કેલીભર્યું કામ કરતા શીખવે છે.
- *સંગીત શિક્ષક:* સંગીત શિક્ષક તાલ, ગાયન અને સંગીતનું વાદ્ય વગાડતા શીખવે છે.
- *કલા ગુરૂ:* કલા ગુરૂ પેઇન્ટિંગ,ડ્રૉઇંગ, ક્લે મોડેલિંગ અને અન્ય કલાઓ શીખવે છે.
- *જીમ શિક્ષક/શારીરિક શિક્ષણ (પીઈ) શિક્ષક:* જીમ શિક્ષક અથવા પીઈ શિક્ષક શારીરિક શિક્ષણ ભણાવશે જેમકે રમતગમત અને કસરતો.
- *વાંચનાલય (લાઇબ્રેરી):* લાઇબ્રેરિયન લાઇબ્રેરી વિશે ભણાવે છે અને લાઇબ્રેરીમાંથી પુસ્તકો ઉછીની લેવામાં વિદ્યાર્થીઓની મદદ કરે છે.
- *સ્પીચ શિક્ષક:* સ્પીચ શિક્ષક તેવા વિદ્યાર્થીઓને મદદ કરે છે જેઓને ઉચ્ચારણ અને બોલવાની સમસ્યાઓ હોય.

***સપોર્ટ સ્ટાફ*** વહીવટકર્તાઓ અને શિક્ષકોને તેમનું કામ કરવામાં મદદ કરે છે. કેટલાક સપોર્ટ સ્ટાફ આ મુજબ છે:

- *શાળા મંત્રી:* સેક્રેટરી ટેલિફોન પર જવાબ આપે છે, પત્રો અને નોંધણીઓ ટાઇપ કરે છે, શાળાના મુલાકાતીઓનું અભિવાદન કરે છે અને પ્રિન્સિપાલની મદદ કરે છે.

- *શાળા નર્સ/આરોગ્ય ક્લર્ક:* શાળા નર્સ અથવા આરોગ્ય ક્લર્ક શાળામાં માંદા પડેલ વિદ્યાર્થીઓની કાળજી લે છે.

- *સામાજિક કાર્યકર/સલાહકાર:* સામાજિક કાર્યકર અથવા સલાહકાર વિદ્યાર્થીઓને ઘરે અથવા શાળામાં હોય તેવી સમસ્યાઓમાં મદદરૂપ થાય છે. સામાજિક કાર્યકર બાળક, માતાપિતા અથવા પૂર્ણ કુટુંબ સાથે કાર્ય કરી શકે છે. દાખલા તરીકે, સામાજિક કાર્યકર તેવા કુટુંબની મદદ કરી શકે જેમનું બાળક કોઇ ગેંગમાં જોડાઇ ગયું હોય. હાઇ સ્કૂલમાં સલાહકાર વિદ્યાર્થીઓને વર્ગો પસંદ કરવામાં મદદ કરે છે અને તેમને કોલેજો અને નોકરીઓ વિષયક માહિતી આપે છે.

## 2. શાળામાં હું કોની સાથે મારા બાળક વિશે વાત કરી શકું?

એલિમેન્ટરી શાળામાં, પ્રથમ તમારા બાળકના વર્ગ શિક્ષક સાથે વાત કરશો. તેઓ અથવા તેણી તમને મદદ કરશે અથવા જણાવશે કે તમને કોણ મદદ કરી શકે.

મીડલ, જુનિયર હાઇ અને હાઇ સ્કૂલમાં તમે તમારા બાળકના હોમરૂમ શિક્ષકને પ્રથમ ફોન કરી શકો છો.

શાળાના વર્ષની શરૂઆતમાં, આ ચાર્ટમાં તમારા બાળકો વિશેની માહિતી ભરી આપશો:

| બાળકનું નામ | શાળાનું નામ | શાળાનો ટેલિફોન નંબર | ગ્રેડ | શિક્ષકનું નામ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

# VII. શૈક્ષણિક પ્રોગ્રામ્સ



## 1. જો મારા બાળકો અંગ્રેજી સારી રીતે બોલી શકતા ન હોય તો મદદ કરવા શાળા શું કરશે?

વિદ્યાર્થીઓ જેઓને અંગ્રેજી બોલવામાં અથવા વાંચવામાં મુશ્કેલી નડતી હોય તેઓ અંગ્રેજીને બીજી ભાષા તરીકે લઈ શકે છે (ESL) અથવા શાળામાં દ્વિભાષાના વર્ગો પસંદ કરી શકે છે. ESL વર્ગો વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં બોલતા, વાંચતા, અને લખતા શીખવે છે. દ્વિભાષાના વર્ગોમાં વિદ્યાર્થીઓની મૂળ ભાષામાં અને અંગ્રેજીમાં ભણાવવામાં આવે છે. દ્વિભાષા વર્ગોમાં વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાન અને સામાજિક અભ્યાસ તેમજ અંગ્રેજી ભણાવવામાં આવે છે.

પ્રથમ જ્યારે વિદ્યાર્થીઓની શાળામાં ભરતી થાય છે ત્યારે માતાપિતા હોમ લૅંગ્વેજ સર્વે તે સૂચિત કરવા માટે ભરે છે કે તેમના ઘરમાં શું અંગ્રેજી સિવાયની ભાષા બોલવામાં આવે છે કે કેમ તેની જાણકારી આપવામાં આવે. જે વિદ્યાર્થીઓ તેવા ઘરોમાંથી આવતા હોય જ્યાં અન્ય કોઇ ભાષા બોલાતી હોય તેઓ ઇંગ્લિશ લૅંગ્વેજ સ્ક્રીનિંગ પરીક્ષામાં બેસી શકે છે. આ પરીક્ષા વિદ્યાર્થીઓને યોગ્ય વર્ગોમાં બેસાડવામાં શાળાની મદદ કરી શકે છે. વિદ્યાર્થીઓ જેમને અંગ્રેજીમાં મુશ્કેલી આવતી હોય તેઓ દ્વિભાષા અથવા ESL પ્રોગ્રામ્સમાં નામ નોંધાવી શકે છે અને પ્રત્યેક વર્ષે અંગ્રેજીની પરીક્ષા આપી શકે છે જેને ACCESS for ELLs® કહેવાય છે. વિદ્યાર્થીઓ સામાન્યપણે ESL આપે છે અથવા તો દ્વિભાષાના વર્ગોમાં બેસે છે ત્યાં સુધી કે જ્યાં સુધી તેઓ વાર્ષિક પરીક્ષામાં રાજ્ય અંગ્રેજી નિપૂણતાનું સ્તર પ્રાપ્ત ન કરે. માતાપિતા તેઓના બાળકોને ઇએસએલ અથવા દ્વિભાષી વર્ગોમાંથી કાઢી નાંખવા શાળાને જણાવી શકે છે, જો તેમ કરવું તેમના વિચારથી શ્રેષ્ઠ હોય, પરંતુ બાળકો વાર્ષિક ACCESS for ELLs® પરીક્ષા ત્યાં સુધી આપવાનું ચાલુ રાખશે જ્યાં સુધી તેઓ રાજ્ય અંગ્રેજી નિપૂણતાના સ્તર સુધી પહોંચી ન જાય.

## 2. એલિમેન્ટરી શાળામાં મારા બાળકો શું ભણશે?

શાળા અભ્યાસક્રમ એટલે તે વિષયો જે બાળકો શાળામાં ભણશે. એલિમેન્ટરી શાળાઓમાં બાળકો ઘણા બધાં અલગ અલગ વિષયો ભણે છે:

- વાંચન, ભાષા કલા, અને ગણિત (દરરોજ)
- સ્વાસ્થ્ય, વિજ્ઞાન, સામાજિક અભ્યાસ (સપ્તાહમાં 2 થી 5 વખત)
- કલા, શારીરિક શિક્ષણ, લાઇબ્રેરી, સંગીત (સપ્તાહમાં 1 અથવા 2 વખત)

એલિમેન્ટરી શાળામાં પ્રત્યેક વર્ગ આશરે 30 થી 40 મિનિટ ચાલે છે. એલિમેન્ટરી શાળામાં બાળકોની રિસેસ પણ હોય છે. રિસેસ દરમિયાન, સામાન્યતઃ બાળકો બહાર શાળાના ખેલમેદાનમાં રમે છે. રિસેસ આશરે 15 મિનિટની હોય છે.

## 3. મિડલ શાળા અથવા જુનિયર હાઇ સ્કૂલમાં મારા બાળકો કયા વિષયો ભણશે ?

મિડલ શાળા અથવા જુનિયર હાઇ સ્કૂલમાં બાળકો સામાન્યપણે વર્ગો માટે ઓરડા બદલે છે. સામાન્યતઃ દિવસ દરમિયાન તેઓના અલગ અલગ શિક્ષકો હોય છે. તેઓ સામાન્યતઃ દિવસ દરમિયાન બિલ્ડિંગમાં જ રહેતા હોય છે અને તેમની રિસેસ નથી હોતી. તેઓ ભણે છે તે વિષયો છે:

- વાંચન, ભાષા કલા
- શારીરિક શિક્ષણ અને સ્વાસ્થ્ય
- વિજ્ઞાન
- સામાજિક અભ્યાસ
- વિદેશી ભાષાઓ (દાખલા તરીકે સ્પૅનિશ અથવા ફ્રેંચ)
- સંગીત
- ગણિત
- કમ્પ્યુટર્સ
- કલા

## 4. હાઇ સ્કૂલમાં મારા બાળકો કયા વિષયો ભણશે?

હાઇ સ્કૂલના વિદ્યાર્થીઓ આવશ્યક અને ઇલેક્ટિવ (અભ્યાસક્રમ બહારના વર્ગો) કોર્સ પસંદ કરે છે. આવશ્યક કોર્સ તેવા વિષયો છે જે તમામ વિદ્યાર્થીઓએ સ્નાતક થવા માટે અવશ્ય લેવાના રહેશે. દાખલા તરીકે, અંગ્રેજી અને ગણિત આવશ્યક કોર્સ છે.

કેટલાક હાઇ સ્કૂલના વર્ગોની કઠિનતાના સ્તરો અલગ અલગ હોય છે. દાખલા તરીકે, અંગ્રેજી વર્ગ બેઝિક, રેગ્યુલર, એડ્વાન્સ્ડ અથવા ઓનર્સ વર્ગ હોઇ શકે. અહીં હાઇ સ્કૂલના વિવિધ વિષયોમાંથી કેટલાક આપેલ છે:

- અંગ્રેજી
- ગણિત (દાખલા તરીકે, અલજેબ્રા અથવા ભૂમિતિ)
- વિજ્ઞાન (દાખલા તરીકે, જીવશાસ્ત્ર અથવા રસાયણશાસ્ત્ર)
- કુટુંબ અને ઉપભોક્તા વિજ્ઞાન
- જીમ શિક્ષક/શારીરિક શિક્ષણ
- ડ્રાઇવરનું શિક્ષણ
- કમ્પ્યુટર વિજ્ઞાન
- એપ્લાઇડ ટેકનોલોજી
- બિઝનેસ
- સામાજિક વિજ્ઞાન
- ફાઇન આર્ટ્સ
- વિદેશી ભાષાઓ
- દ્વિતિય તરીકે અંગ્રેજી ભાષા (ESL)

## મદદરૂપ ઇશારો

**તમામ શાળાના દસ્તાવેજો માટે ફોલ્ડર રાખશો. ઘણી વખત બાળકો પોતાના બૅકપૅકમાં માતાપિતા માટેની શાળાની માહિતી ઘરે લઈ આવે છે. આ ફોલ્ડર શાળા કૅલેન્ડર, બસ સમયપત્રક, શાળાના વેકેશનો, રજાઓ અને શાળામાંથી મોકલવામાં આવેલ અન્ય સમગ્રી ધારણ કરી શકે.**

## 5. જો મારા બાળકમાં શીખવાની સમસ્યાઓ અથવા ખાસ જરૂરિયાતો હોય તો શાળાઓ મદદરૂપ થવા શું કરી શકશે?

વિશિષ્ટ એજ્યુકેશન પ્રોગ્રામ, તે અમુક સમસ્યાઓ ધરાવતા વિદ્યાર્થીઓ માટેનો પ્રોગ્રામ છે. આ વિદ્યાર્થીઓને જોવાની, સાંભળવાની, બોલવાની, ચાલવાની, શીખવાની અથવા વર્ગમાં વર્તન કરવા બાબતે સમસ્યાઓ હોઇ શકે. શાળાઓ અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષણ સેવાઓ પૂરી પાડે છે જેથી તેઓને શાળામાં સફળ થવામાં મદદ મળે. જો તમારા બાળકની વિશેષ ભણવા વિષયક જરૂરિયાતો હોય:

- તમારા બાળકની શાળમાં ઉપલબ્ધ સેવાઓ વિશે પૂછો.
- શાળાને કહો કે શાળામાં તમારા બાળકને કયા પ્રકારની ખાસ મદદ જોઇએ છે.
- જો તમે અંગ્રેજી બોલી શકતા ન હોવ તો સભાઓમાં દુભાષિયાની માંગ કરશો.
- તમામ અગત્યના દસ્તાવેજો અને પત્રો જે શાળા તમને આપે અથવા મોકલાવે તે રાખી મુકશો.


## મદદરૂપ ઇશારો

**તમે અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓના અધિકારો વિશેની પુસ્તિકા Illinois State Board of Education માંથી મેળવી શકશો. (312) 814-2220 ઉપર ફોન કરો અને શૈક્ષણિક અધિકારો અને જવાબદારીઓની નકલ માંગો: ઇલિનૉઇમાં વિશિષ્ટ શિક્ષણ સમજવા વિષયક.**

## 6. મારા બાળકમાં ખાસ કૌશલ્યો અથવા ક્ષમતાઓ હોય તો શું તે માટે કોઇ વિશેષ પ્રોગ્રામો છે ?

વિદ્યાર્થીઓ જેઓ પાસે ખાસ પ્રતિભાઓ અથવા ક્ષમતાઓ હોય તેઓને "પ્રતિભાસંપન્ન" અથવા "હુન્નરવાળા" કહેવામાં આવે છે. આ વિદ્યાર્થીઓ કેટલીક વખત વિશેષ વર્ગોમાં બેસી શકે છે જેમાં વધુ મુશ્કેલીભર્યું અને સર્જનાત્મક કાર્ય કરવાનું હોય છે.

# VIII. બાળકોના શિક્ષણ અને કેળવણીમાં માતાપિતાની ભૂમિકાઓ



શાળાઓને જોઇએ છે કે માતાપિતાની તેમના બાળકોના શિક્ષણમાં સામેલગીરી હોય. માતાપિતા તેમના બાળકોની શાળાઓમાં વિવિધ પ્રકારે સામેલ થઇ શકે છે. તેઓ આ મુજબ કરી શકે:

- પ્રિન્સીપાલો અને શિક્ષકો સાથે વાત કરવી
- શાળા પ્રવૃત્તિઓમાં હાજર રહેવું
- શાળા વિષયક નિર્ણયો લેવામાં મદદ કરવી
- શાળાઓમાં સ્વેચ્છાથી સેવા આપવી
- તેમના શાળાનો દિવસ અને શાળાના કાર્ય વિશે બાળકો સાથે વાત કરવી

## 1. હું મારા બાળકની શાળા વિશે કેવી રીતે જાણકારી મેળવી શકું? શું મારું બાળક સારો/સારી વિદ્યાર્થી/વિદ્યાર્થીની છે?

શાળાઓ પાસે માતાપિતાને શાળાઓના પ્રોગ્રામો અને તેમના બાળકોની ભણવાની પ્રગતિ વિશે જાણ કરવાની અલગ રીતો હોય છે. ઘણા બધી શાળાઓમાં નીચે મુજબની વ્યવસ્થા હોય છે:

**ઓપન હાઉસિસ** તે સમય છે જ્યારે માતાપિતા તેઓના બાળકોનાં શિક્ષકોને મળી શકે છે, તેમના વર્ગખંડો જોઇ શકે છે, અને તેમના બાળકો શું કાર્ય કરે છે તે વિશે સાંભળી શકે છે.

**માતાપિતા શિક્ષક કોન્ફરન્સો** માતાપિતા અને શિક્ષકો વચ્ચેની મુલાકાતો હોય છે. શિક્ષક પ્રત્યેક બાળકના માતાપિતાને ખાનગી રીતે મળીને બાળકની પ્રગતિ અને વર્ગના વર્તન વિશે ચર્ચા કરે છે. સામાન્યપણે શિક્ષકો પાનખર ઋતુમાં શાળાના વર્ષ દરમિયાન ઓછામાં ઓછી એક કોન્ફરન્સની માંગ કરે છે. જોકે, જો બાળક ગંભીર ભણવાની અથવા વર્તનની સમસ્યાઓનો સામનો કરતું હોય તો શિક્ષક વર્ષ દરમિયાન અન્ય સમયે કોન્ફરન્સ માટે માતાપિતાને આવવા જણાવશે. કોઇ સમસ્યા ઊભી થાય ત્યારેપણ માતાપિતા કોન્ફરન્સની માંગ કરી શકે છે. માતાપિતા શિક્ષકને ફોન કરી શકે અથવા શિક્ષકને ચિઠ્ઠી લખીને કોન્ફરન્સની માંગ કરી શકે છે. મોટા ભાગે કોન્ફરન્સો શાળા દિન પહેલા અથવા પછી હાથ ધરવામાં આવે છે.

**લેખિત સામગ્રી** ઘરે ટપાલ મારફત મોકલવામાં આવે છે અથવા બાળકો તે ઘરે લઇ જાય છે. દાખલા તરીકે શાળાઓ આ મુજબની સામગ્રી ઘરે મોકલી શકે:

- વર્ગ અસાઇનમેન્ટ, વર્ગ પ્રવૃત્તિઓ, રજાઓ, અથવા શાળાના પ્રોગ્રામો વિશેના શાળા કૅલેન્ડરો
- વર્ગખંડો અને શાળામાં શું બન્યું છે તેની જાણ કરતા ન્યુઝલેટર્સ
- માતાપિતા પાસે તેમના સૂચનો અને ચિંતાઓની માંગ કરતા સર્વેક્ષણો
- વિદ્યાર્થીઓ ફિલ્ડ ટ્રિપ લઇ શકે તે માટેના પરવાનગી પત્રકો
- શાળાની સભાઓ, કોન્ફરન્સો, ઓનર એસેમ્બલી, શાળાની રજાઓ, અને અન્ય પ્રસંગો માટેની જાહેરાતો

કેટલીક વખત માતાપિતાએ લેખિત સામગ્રીના જવાબો આપવાના હોય છે. દાખલા તરીકે, તમારા બાળકો ફિલ્ડ ટ્રિપ ઉપર જઈ શકે ત્યાર પહેલા તમારે પરવાનગી ઉપર સહી કરવાની હોય છે.

અન્ય રીતોમાં **ફોન કોલ અને ઇન્ટરનેટ**થી શાળાઓ માતાપિતા સાથે સંપર્ક રાખે છે. શિક્ષકો માતાપિતા સાથે વાત કરવા અવારનવાર ટેલિફોનનો ઉપયોગ કરે છે. કેટલીક વખત તમે ટેલિફોન ઉપર પણ માતાપિતા-શિક્ષક કોન્ફરન્સ હાથ ધરી શકો છો. કેટલીક શાળાઓ પાસે હોમવર્ક હોટલાઇનની સગવડ હોય છે. માતાપિતા વિશિષ્ટ ફોન નંબર ઉપર કોલ કરે છે અને

તેઓના બાળકોની હોમવર્ક અસાઇનમેન્ટ વિશે સંદેશો સાંભળે છે. કેટલીક શાળાઓ પાસે શાળાની વેબસાઇટ પણ હોય છે જેમાં શાળાના પ્રોગ્રામ, વર્ગ પ્રવૃત્તિઓ, અને શિક્ષકને ઇ-મેલ કેવી રીતે કરવો તે વિષયક માહિતીનો સમાવેશ હોય છે.

જ્યારે પણ તેમને પ્રશ્નો હોય ત્યારે માતાપિતા શાળામાં ફોન કરી શકે છે અને શિક્ષકો અથવા પ્રિન્સીપાલ સાથે વાત કરી શકે છે. જો તમે તમારા બાળકની શાળાની મુલાકાત લેવા ઇચ્છતા હોવ તો, તમારે શાળા પર પહેલા ફોન કરીને એપૉઇન્ટમેન્ટ લેવાની રહેશે. તમે શાળા પર ફોન કરી શકો છો અથવા શિક્ષકને ચિઠ્ઠી મોકલી શકો છો.

## મદદરૂપ ઇશારો

***જો શાળામાં કોઇ વ્યક્તિ સાથે વાત કરવામાં અથવા અંગ્રેજી વાંચવામાં તમને કોઇ સમસ્યા નડે તો, તેવા કોઇ વ્યક્તિ જેઓ અંગ્રેજીમાં બોલી શકતા હોય તેઓને શાળા ઉપર ફોન કરી સમસ્યા સમજાવવા કહેશો. શાળાઓ પાસે તેવા માતાપિતાઓની મદદ માટે અનુવાદકો હોય શકે જેઓ થોડું અથવા જરાય અંગ્રેજી બોલી શકતા ન હોય.*** તમે ***જણાવશો નહીં કે સમસ્યા શું છે તેની જાણ શાળાને થઇ શકે નહીં.***

## 2. મને કેવી રીતે જાણ થશે કે મારા બાળકો કેવી રીતે શાળામાં જાય છે?

**રિપોર્ટ કાર્ડ્સ**: રિપોર્ટ કાર્ડ માતાપિતાને જાણ કરે છે કે તેમના બાળકોની પ્રગતિ શાળામાં કેવી છે. બાળકો ભણતા હોય તેવા પ્રત્યેક વિષય રિપોર્ટ કાર્ડમાં સૂચિત હોય છે. પ્રત્યેક વિષય માટે એક ગ્રેડ આપવામાં આવ્યો હોય છે.

માતાપિતા તેમના બાળકોના રિપોર્ટ કાર્ડ વર્ષમાં 4 વખત પ્રાપ્ત કરે છે. સામાન્યપણે બાળકો રિપોર્ટ કાર્ડ ઘરે લાવે છે. કેટલીક શાળાઓ માતાપિતા-શિક્ષક કોન્ફરન્સમાં માતાપિતાને રિપોર્ટ કાર્ડ આપે છે. અન્ય શાળાઓ માતાપિતાને રિપોર્ટ કાર્ડ ટપાલ મારફત મોકલે છે. જ્યારે માતાપિતા રિપોર્ટ કાર્ડ પ્રાપ્ત કરે ત્યારે તેઓ રિપોર્ટ કાર્ડ પર અથવા પરબીડિયાં પર સહી કરે તે જરૂરી છે. પછી તેમના બાળકો રિપોર્ટ કાર્ડ શાળાને પરત કરે છે.

**ગ્રેડ્સ**: મોટા ભાગની શાળાઓ આ ગ્રેડ્સનો ઉપયોગ માતાપિતાને તે જણાવવા કરે છે કે તેમના બાળકો પ્રત્યેક વિષયમાં કેવી પ્રગતિ કરી રહ્યા છે:

- A ઘણું સારું કાર્ય
- B સારું કાર્ય
- C સરેરાશ કાર્ય
- D સરેરાશ કાર્ય કરતા ઓછું (નબળું કાર્ય)
- F વિષયમાં નિષ્ફળ (નાપાસ)

A, B, C, અને D પાસ થવાના ગ્રેડ છે. ગ્રેડ Fનો અર્થ થાય છે કે બાળક વિષયમાં પાસ થયું નથી. જો વિદ્યાર્થી વિષયમાં પાસ ન થાય તો તેઓએ ફરીથી તે વિષયની પરીક્ષા આપવાની રહેશે અથવા પાસ થવાનો ગ્રેડ કમાવવા વધારાનું કાર્ય કરવું પડશે.

શિક્ષકો નક્કી કરશે કે બાળકોને ક્યા ગ્રેડ આપવા. શિક્ષકો બાળકોનાં શાળા કાર્ય, ગૃહ કાર્ય, અને પરીક્ષાઓ જોઇને ક્યા ગ્રેડ આપવા તે નક્કી કરવા મદદ લે છે. શિક્ષકો વિદ્યાર્થીઓના ગ્રેડ નિર્ધારિત કરવા વર્ગમાં બાળકોનું અવલોકન તેમજ તેમને સાંભળે પણ છે

**વચગાળાના રિપોર્ટ્સ**: કેટલીક શાળાઓ વચગાળાના અથવા પ્રગતિના રિપોર્ટ આપે છે. માતાપિતા રિપોર્ટ કાર્ડો વચ્ચે આ અહેવાલો પ્રાપ્ત કરે છે. કેટલીક શાળાઓમાં પ્રત્યેક વિદ્યાર્થીના માતાપિતા વચગાળાનો રિપોર્ટ પ્રાપ્ત કરે છે. આ વચગાળાના રિપોર્ટ માતાપિતાને જણાવે છે કે તેમના બાળકો પ્રત્યેક વિષયમાં કેવી પ્રગતિ કરી રહ્યા છે. અન્ય શાળાઓમાં માત્ર તેવા વિદ્યાર્થીઓના માતાપિતા વચગાળાનો રિપોર્ટ પ્રાપ્ત કરે છે જેઓને કોઇ સમસ્યાઓ હોય. આ રિપોર્ટ માતાપિતાને તેમના બાળકોની અમુક વિષયોની સમસ્યાઓ વિશે જણાવે છે.

## 3. હું શાળા વિષયક નિર્ણયો લેવામાં કેવી રીતે મદદ કરી શકું?

માતાપિતા શાળા વહીવટકર્તાઓને શાળાના પ્રોગ્રામો વિશે નિર્ણયો લેવામાં મદદ કરી શકે છે. અલગ અલગ માતાપિતાના જૂથો માટેની સભાઓમાં હાજર રહેવા શાળાઓ માતાપિતાને આમંત્રણ આપે છે. જ્યારે તેઓ આવી જૂથ સભાઓમાં હાજરી આપે ત્યારે માતાપિતા તેમના બાળકોની શાળાના પ્રોગ્રામો વિશે આ મુજબ સૂચનો અને સલાહ આપી શકે છે:

- *માતાપિતા સલાહકાર સમિતિઓ* તેવા માતાપિતાના જૂથો છે જેઓ શાળાને દ્વિભાષીય શિક્ષણ જેવા વિશિષ્ટ પ્રોગ્રામોમાં સુધારા કરવાની સલાહ અને સૂચનો આપે છે.

- *શાળા સુધારણા સમિતિઓ/ટીમ્સ* તેવી યોજનાઓનો વિકાસ કરે છે કે કેવી રીતે શાળાના કર્મચારીગણ, માતાપિતા, અને સમૂદાય વિદ્યાર્થીની કેળવણી સુધારી શકે.

- *માતાપિતા-શિક્ષક સંગઠનો* તેવા પ્રોગ્રામો આયોજિત કરે છે જેથી શાળા માટે નાણાં કમાવી શકાય. દાખલા તરીકે, માતાપિતા-શિક્ષક સંગઠન પુસ્તકોના વેચાણ માટે પુસ્તક મેળાનું આયોજન કરી શકે. તેઓ તેમણે કમાવેલ નાણાનો ઉપયોગ વર્ગખંડો માટેના કમ્પ્યૂટરો ખરીદવા માટે કરી શકે છે.

## 4. મારા બાળકોની શાળામાં હું કઈ ખાસ ગતિવિધિઓમાં હાજર રહી શકું?

અવારનવાર શાળાઓ વિશેષ શાળા પ્રવૃત્તિઓમાં માતાપિતાને આમંત્રિત કરે છે. આ પ્રવૃત્તિઓ શિક્ષકો, માતાપિતા, અને બાળકોને એકબીજાને ઓળખવાનો સમય આપે છે.

કેટલીક વખત માતાપિતા શાળામાં તેમના બાળકોને નીચે મુજબની પ્રવૃત્તિઓ કરતા જોવા માટે શાળામાં આવે છે:

- *રમતગમતના પ્રસંગો*માં તેમના બાળકોને સોકર, વૉલીબોલ, અથવા બાસ્કેટબોલ જેવી રમતો રમતા જોવા માટે.
- *નાટકો અને સંગીત પ્રસ્તુતિઓ*માં તેઓના બાળકોને નાટક ભજવતા, ગાતા, અથવા વાદ્ય વગાડતા જોવા માટે.
- સ્નાતક થવાના કાર્યક્રમો અથવા સન્માન નાઇટ જેવી *એસેમ્બલીઓ*માં તેઓના બાળકોને સન્માન અને પારિતોષિકો મેળવતા જોવા માટે.

શાળાઓ કુટુંબોને તે માટે પણ શાળામાં આમંત્રિત કરે છે જેથી નવી માહિતી જાણી શકાય. આમાંની અમુક પ્રવૃત્તિઓ આ મુજબ છે:

- *કરિક્યૂલમ નાઇટ્સ* માતાપિતાને દર્શાવે છે કે તેમના બાળકો શાળાના વર્ષ દરમિયાન શું શીખશે. શિક્ષક તે પણ સમજાવી શકે કે આગામી ગ્રેડ અથવા સ્નાતક થવા સુધી ઉત્તીર્ણ થવા માટે વિદ્યાર્થીઓએ શું શીખવું પડશે.

- *માતાપિતા માટેની વર્કશોપ્સ* માતાપિતાને તેઓના બાળકોને ઉછેરવાની કલ્પનાઓ આપે છે. માતાપિતા શીખી શખશે કે કેવી રીતે તેમના બાળકોને આરોગ્યપ્રદ અને સફળ થવામાં મદદ કરી શકાય. દાખલા તરીકે, વર્કશોપ તે માટે હોય શકે કે કેવી રીતે બાળકોને શાળામાં જતા ચાલુ રાખવા અને નીકળી જવું નહીં. માતાપિતાની વર્કશોપ્સ માતાપિતાને તેમના બાળકોને ભણવામાં કેવી રીતે મદદ કરવી તે પણ શીખવી શકે. દાખલા તરીકે, માતાપિતા વર્કશોપ્સમાં હાજરી આપીને શીખી શકે કે કેવી રીતે તેમના નાના બાળકો સામે પુસ્તકો વાંચવા.

- *શાળા ઓરિએન્ટેશન* માતાપિતા અને નવા વિદ્યાર્થીઓ વચ્ચેની મુલાકાતો હોય છે. અવારનવાર ઓરિએન્ટેશન કિંડરગાર્ટન, આઠમો ગ્રેડ અને હાઇ-સ્કૂલ ફ્રેશમેન (૯મો ગ્રેડ) વિદ્યાર્થીઓના માતાપિતા માટે હાથ ધરવામાં આવે છે. બાળકો જે નવી શાળામાં હાજરી આપશે તે વિશે માતાપિતા માહિતી પ્રાપ્ત કરશે. દાખલા તરીકે, માતાપિતા નવી શાળાના પહેરવેશ વિશે જાણકારી મેળવી શકે. માતાપિતા તે પણ જાણી શકશે કે કેવી રીતે બાળકોને કોર્સ પસંદ કરવામાં મદદ કરી શકાય.

  કેટલીક વખત શાળાઓમાં સમુદાયની અંદર માતાપિતા અને કુટુંબો માટે સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે જેમ કે આંતરરાષ્ટ્રીય મેળા, માતાપિતા કદર દિન, અને શાળા ગૌરવ દિન. કુટુંબો શાળામાં આનંદ કરવા અને મઝા માણવા આવે છે. દાખલા તરીકે, આંતરરાષ્ટ્રીય મેળામાં તેઓ ઘણા બધાં દેશોના ભિન્ન આહારોનો સ્વાદ માણી શકે છે.

## 5. મારા બાળકોની શાળામાં હું કઈ રીતે સ્વૈચ્છિક સેવા આપી શકું?

કેટલીક વખત શાળા પ્રવૃત્તિઓ માટે મદદની જરૂર હોય છે. શાળા માતાપિતાને અલગ અલગ પ્રવૃત્તિઓ માટે સ્વેચ્છાથી સેવા આપવા માટે જણાવે છે.

**વર્ગખંડ અને ભણતર પ્રવૃત્તિઓ** માટે સ્વેચ્છાથી તમે આ મુજબ કરી શકો:

- વર્ગમાં તમારા જોબ અથવા તમારા મૂળ દેશ વિશે વાત કરો
- વર્ગ સાથે ફિલ્ડ ટ્રિપ પર જાવ
- વર્ગ સમક્ષ વાંચો અથવા વિદ્યાર્થીઓને વાંચતા સાંભળો

**શાળાના પ્રોગ્રામો માટે** સ્વેચ્છાથી તમે આ મુજબ કરી શકો:

- શાળાનું નૃત્ય બેસાડવામાં મદદરૂપ થાવ
- માતાપિતાની સભા માટે નાસ્તાપાણી લાવવા
- ભંડોળ ઊભું કરવાના કાર્યક્રમનું આયોજન કરવું
- લેખિત સામગ્રીના અનુવાદમાં મદદરૂપ થવું

તમારા માટે શાળામાં સહભાગી થવાની ઘણી બધી રીતો છે. શાળાઓને તમારી મદદ, કલ્પનાઓ, અને તમારા બાળકની કેળવણીમાં સહભાગિતાની જરૂર છે. તમે તમારા બાળકની કેળવણીના મહત્વપૂર્ણ અંગ છો. તમારું શાળાઓમાં હંમેશા સ્વાગત છે.

## મદદરૂપ ઇશારો

**શાળાઓ શાળા બુલેટિનમાં, શાળાના વેબપેજ ઉપર અથવા ઘરે મોકલવામાં આવેલ વિશેષ જાહેરાતમાં સ્વયંસેવાની તકો સૂચિત કરી શકે છે.**

## 6. હું ઘરે શું કરી શકું જેથી મારા બાળકોની કેળવણીમાં મદદ મળે?

સફળ વિદ્યાર્થીઓ શાળામાં શીખવાની તૈયારી સાથે આવે છે અને તેઓ પાસે સારી અધ્યયન આદતો હોય છે. તેવી ઘણી બધી રીતો છે જેનાથી માતાપિતા તેઓના બાળકોને શાળામાં સારો દેખાવ આપવામાં મદદ કરી શકે છે. તમે ઘણું ઓછું અંગ્રેજી બોલતા હોવા છતાં મદદરૂપ થઇ શકો છો. મદદરૂપ થવા માટે તમારે અંગ્રેજી જાણવું જરૂરી નથી. તમારા બાળકના ભણતરમાં મદદ કરવા માટે તમે નીચે મુજબની મહત્વની બાબતો કરી શકો:

**હવામાનને અનુકૂળ પહેરવેશ:** બહારના હવામાન માટે તમારા બાળકોના કપડા અનુકૂળ છે તેની ખાતરી કરી લો. દાખલા તરીકે, જો બહાર ઠંડી હોય તો, તેઓએ ગરમ કપડા પહેરવા જોઇએ જેમ કે કોટ, ટોપી, અને હાથ મોજા.

**શાળાનો ગણવેશ અને પહેરવેશ સંહિતા:** કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓએ શાળામાં ગણવેશ પહેરવાનો રહેશે. દાખલા તરીકે, ગણવેશમાં સફેદ શર્ટ અને ભૂરા પેન્ટ અથવા સ્કર્ટ હોઇ શકે. અન્ય શાળાઓમાં શાળાનો ગણવેશ નથી હોતો પરંતુ પહેરવેશ સંહિતા જરૂર હોય છે. પહેરવેશ સંહિતા એટલે પહેરવેશ વિશેના વિશેષ નિયમો જે બાળકો શાળામાં પહેરી શકે. દાખલા તરીકે, કેટલીક શાળાઓમાં છોકરાઓ શાળાની અંદર હૅટ પહેરી શકે નહીં અને

છોકરીઓને હોલ્ટર ટોપ પહેરવાની છૂટ નથી. જો તમારા બાળકોએ શાળા માટે યોગ્ય કપડા પહેર્યા ન હોય તો, કેટલીક શાળાઓ તેમને પાછા ઘરે મોકલી દે છે.

**શાળા પુરવઠો**: બાળકોએ પોતાનો શાળા પુરવઠો વર્ગમાં સાથે લાવવો જરૂરી છે. શાળા પુરવઠો એટલે પેપર, પેન્સિલ, પેન, અને ભૂંસવાનું રબર. કેટલીક વખત બાળકોને માટે અન્ય પુરવઠો જેમ કે પટ્ટી, કાતર, અથવા ગુંદર જરૂરી બને છે. સામાન્યપણે શિક્ષકો વિદ્યાર્થીઓને તેમને માટે આવશ્યક શાળા પુરવઠાની યાદી આપશે. જો તમે પુરવઠો ખરીદી શક્યા ન હોવ તો શિક્ષકને જાણ કરો.



**શાળા કાર્ય વિષયક**: પ્રત્યેક દિવસે માતાપિતાએ તેમના બાળકોને પૂછવું જોઇએ, "આજે શાળામાં શું કર્યું?" "શું તમારે આજે કોઇ ગૃહ કાર્ય છે?" શાળાને જોઇએ છે કે તમે તમારા બાળકો સાથે શાળાના કાર્યની ચર્ચા કરો. તમે તમારા બાળકોને પૂછી શકો કે તેઓ તેમના વર્ગોમાં શું ભણી રહ્યા છે. તમે તમારા બાળકોને તેમના ગ્રેડ કરેલ પેપરો બતાવવા માટે ઘરે લાવવાનું કહી શકો છો.

**ગૃહ કાર્યમાં મદદ કરવા બાબત**: ગૃહકાર્ય એક એસાઇનમેન્ટ છે જે શિક્ષકો વિદ્યાર્થીઓને ઘરે કરવા આપે છે.

ત્રણ પ્રકારની ગૃહ કાર્ય એસાઇનમેન્ટ હોય છે. બાળકો આમ કરી શકે છે:

- શાળામાં શરૂ થયેલ એસાઇનમેન્ટો પૂર્ણ કરવી
- તેવી એસાઇનમેન્ટો કરવી જેનાથી તેઓએ શાળામાં ભણેલ કોઇ વસ્તુનો મહાવરો અને સમીક્ષા થાય (જેમ કે વાંચન અથવા ગણિત)
- વિશેષ પ્રોજેક્ટ્સ કરવા જેમ કે, પુસ્તક અહેવાલો, વિજ્ઞાનના પ્રયોગો અથવા નકશો દોરવો
- પ્રશ્નોત્તરી અથવા પરીક્ષા માટે અભ્યાસ કરવો

શિક્ષકો નક્કી કરે છે કે પ્રત્યેક રાતે કેટલું ગૃહ કાર્ય આપવું. તમામ શિક્ષકો એક સરખી માત્રામાં ગૃહ કાર્ય આપતા નથી હોતા. મોટા બાળકોને સામાન્યપણે નાના બાળકો કરતા વધું ગૃહ કાર્ય હોય છે. તમારા બાળકના ગૃહ કાર્યમાં મદદ કરવા માટે તમે નીચે મુજબની કેટલીક બાબતો કરી શકો:

*ગૃહકાર્ય કરવાનો સમય:* બાળકોની ઘણી બધી રોજિંદી પ્રવૃત્તિઓ હોઇ શકે જેમ કે પરચૂરણ કામ, રમવાનો સમય, એપોઇન્ટમેન્ટ, શાળા પછીના કાર્યક્રમો, અને ગૃહ કાર્ય. તમે તમારા બાળકોને ગૃહ કાર્ય માટે ખાસ સમય અનુસૂચિત કરવામાં મદદ કરી શકો છો. દર બપોરે અથવા સાંજે પરંતુ મોડી સાંજે નહીં તેમ એક જ સમયે ગૃહ કાર્ય કરવું શ્રેષ્ઠ છે. ગૃહ કાર્ય સમય દરમિયાન તમારે ટેલિવિઝન અને વિડીયો/કોમ્પ્યુટર રમતો બંધ કરી દેવી જોઇએ. બાળકોને તેમના ગૃહ કાર્ય માટે શાંત સ્થળની જરૂર હોય છે.

*ગૃહ કાર્ય ઉપર નજર:* ગૃહ કાર્ય સુઘડ અને સફાઇદાર છે કે કેમ તે તમે જોઇ શકો છો. તમારા બાળકો તેમનું ગૃહ કાર્ય તમને સમજાવી શકે. કેટલીક વખત ગૃહ કાર્ય સમજાવે ત્યારે બાળકોને ભૂલો દેખાતી હોય છે.

*ગૃહ કાર્યની સમસ્યાઓ:* કેટલીક વખત બાળકો તેમનું ગૃહ કાર્ય પૂર્ણ કરી શકતા નથી કારણ કે તેઓને તે સમજાતું નથી હોતું. જો માતાપિતા હોમવર્ક (ગૃહકાર્ય) સમજી શકતા હોય તો તેઓ તેમના બાળકોને મદદ કરી શકે છે. પરંતુ માતાપિતાએ ક્યારેય તેમના બાળકોને તેમનું ગૃહ કાર્ય કરી આપવું નહીં.

ઘણા માતાપિતાને લાગે છે કે તેઓ તેમના બાળકોના ગૃહ કાર્યમાં મદદ કરી શકતા નથી. કેટલીક વખત માતાપિતાને એટલું અંગ્રેજી આવડતું હોતું નથી અથવા વિષય સમજાતો નથી

હોતો. જો માતાપિતા તેમના બાળકના ગૃહ કાર્યના પ્રશનમાં મદદ કરી શકતા ન હોય તો તેઓએ ચિઠ્ઠી લખવી અથવા બાળકના શિક્ષકને ફોન કરવો જોઇએ. માતાપિતા શિક્ષકને કહી શકે છે કે તેમના બાળકને એસાઇનમેન્ટ પૂર્ણ કરવામાં સમસ્યા થઇ હતી. કેટલીક વખત શાળા પહેલા, શાળા પછી અથવા રિસેસ દરમિયાન તેમની ગૃહ કાર્ય એસાઇનમેન્ટો માટે વધારાની મદદ મળી શકે છે.

કેટલીક વખત બાળકોને તેમનું ગૃહ કાર્ય કરવું નથી હોતું. તેમને ટીવી અથવા રમવાનો સમય મળી જતો હોય છે, પરંતુ તેમના ગૃહ કાર્ય માટે તેમને ક્યારેય સમય મળતો નથી. અવારનવાર શિક્ષકો માતાપિતાને ફોન કરશે અથવા ચિઠ્ઠી લખશે જો બાળક ગૃહ કાર્ય કરતું ન હોય. શિક્ષકો અને માતાપિતાએ નક્કી કરવાનું રહેશે કે જે બાળકો તેમનું ગૃહ કાર્ય કરે નહીં તેમનું શું કરવું. શિક્ષકો સામાન્યપણે તેમને નીચો ગ્રેડ આપે છે.

**લાઇબ્રેરી:** કેટલાક ગૃહ કાર્ય એસાઇનમેન્ટ માટે બાળકોને સાર્વજનિક લાઇબ્રેરીમાંથી સામગ્રીની જરૂર પડી શકે. તમામ લાઇબ્રેરીની સામગ્રીનો ઉપયોગ લાઇબ્રેરીમાં થઇ શકે છે. જો તમારા બાળકે સામગ્રી ઘરે લઇ જવી હોય અથવા લાઇબ્રેરીના કોમ્પ્યૂટરોનો ઉપયોગ કરવો હોય તો તમારી પાસે લાઇબ્રેરી કાર્ડ હોવું જોઇશે. લાઇબ્રેરીમાંથી તમને લાઇબ્રેરી કાર્ડ મળી શકશે.

**એકસાથે વાંચવું અને વાતો કરવી:** જે બાળકો ઘરે વાંચે છે તેઓ શાળામાં વધુ સારો દેખાવ કરે છે. તમારા ઘરે કૌટુંબિક વાંચન સમય રાખવો એક સરસ કલ્પના છે. વાંચવાના સમય દરમિયાન તમે તમારા બાળકોને વાંચી સંભળાવી શકો અને તમારા બાળકો તમને વાંચી સંભળાવી શકે. અથવા દરેક જણ વાંચન સમય દરમિયાન પોતે વાંચી શકે. તે મહત્વનું છે કે તમારા બાળકો તમને અંગ્રેજીમાં અથવા તમારી મૂળ ભાષામાં વાંચતા જુએ.

જો તમારા માટે વાંચવાનૂમ મુશ્કેલીભર્યું હોય તો તમારા બાળકોને વાર્તા કહો. તમે નાના હતાં ત્યારની તમારા પરિવારની વાર્તાઓ કહી શકો અને જ્યારે તમારા બાળકો શિશુઓ હતાં. તમારા ભાળકો પણ વાર્તાઓ કહી શકે છે. તમે અંગ્રેજીમાં અથવા તો તમારી મૂળ ભાષામાં વાર્તાઓ કહી શકો છો.

**કુટુંબ ભણતર પ્રવૃત્તિઓ અને કુટુંબ સ્રોત કેન્દ્રો:** ઘણી શાળાઓ અને સામુદાયિક સંગઠનો કૌટુંબિક ભણતર પ્રોગ્રામોની રજૂઆત સાંજે અને અઠવાડિયાને છેડે કરે છે. માતાપિતા અને

બાળકો આ કૌટુંબિક પ્રવૃત્તિઓમાં સાથે હાજરી આપે છે. તમારું કુટુંબ તેવા વિષયો શીખી શકે જેમકે ગણિત, વિજ્ઞાન, વાંચન અને કમ્પ્યુટરો. તમે સામાન્યપણે વધુ શીખવા માટે ઘરે લઈ જવા સામગ્રી મેળવશો.

કેટલીક શાળાઓમાં કૌટુંબિક સ્રોત કેન્દ્રો હોય છે. આ કેન્દ્રો પાસે તેવી સમગ્રી હોય છે જે માતાપિતા ઉછીનું લઈ ઘરે લઈ જઈ શકે છે. કેટલીક સામગ્રી બાળ વિકાસ, પોષણ, સુરક્ષા, આરોગ્ય, શાળા અને ભણતરની પ્રવૃત્તિઓને લગતી હોય છે. સામાન્યતઃ પુસ્તકો, ગેમ્સ, વિડિયોઝ, ટેપ રેકૉર્ડર્સ અને ઑડિયો ટેપ્સ હોય છે.

## ✐ મદદરૂપ ઇશારો ✎

**તે શોધવા કે શું તેમની પાસે કુટુંબ સ્રોત કેન્દ્ર અથવા કૌટુંબિક ભણતરની પ્રવૃત્તિઓ છે કે કેમ તે માટે તમારા બાળકની શાળાનો સંપર્ક કરો.**

## 7. હું શું કરી શકું જેથી મારા બાળકોને હાઇ સ્કૂલ બાદ તેઓના જીવન આયોજીત કરવામાં

માતાપિતાએ શાળાના કર્મચારીગણ શોધી કાઢવા જોઇએ જેઓ તેમના બાળકોની ભાવિ યોજનાઓ બનાવવામાં મદદરૂપ થઈ શકે. હાઇ સ્કૂલ માર્ગદર્શન સલાહકાર કુટુંબોને વિદ્યાર્થીઓ હાઇ સ્કૂલ બાદ શું કરી શકે તે વિશે નિર્ણયો લેવામાં મદદ કરી શકે. જ્યારે તમારું બાળક હાઇ સ્કૂલ શરૂ કરે ત્યારથી ભવિષ્યની યોજનાઓ વિશે બોલવાનું શરૂ કરી દેશો. શ્રેષ્ઠ તે છે કે હાઇ સ્કૂલના છેલ્લા વર્ષ પહેલા જ નિર્ણયો લઈ લેવા. જો બાળકો કોલેજમાં મોડું જવાનું નક્કી કરે તો તેમને જરૂર હોય તેવા બધાં કોર્સ ન પણ મળે. વિદ્યાર્થીઓએ અમુક કોર્સ હાઇ સ્કૂલમાં જ લેવા જોઇએ જેથી કોલેજની તૈયારી કરી શકાય. વિદ્યાર્થીઓએ કોલેજમાં અરજી કરવા માટે હાઇ સ્કૂલમાં પરીક્ષાઓ પણ આપવાની રહેશે.

# IX. પ્રૌઢ શિક્ષણ



## 1. અંગ્રેજી શીખવા અથવા અન્ય વર્ગો માટે હું ક્યાં જઈ શકું?

વયસ્કો માટે ઘણી બધી ભણતરની તકો છે. ઘણા બધાં વર્ગો મફત હોય છે પરંતુ કેટલાક ટ્યુશન ફી વસૂલે છે. વર્ગો દિવસના સમયે અને સાંજે હોય છે. વયસ્કો માટેના વર્ગો ઘણી વખત કમ્યુનિટી કોલેજો, શાળાઓ, લાઇબ્રેરીઓ અને કમ્યુનિટી સેંટરોમાં હાથ ધરાય છે.

કેટલાક શિક્ષણ વર્ગો નીચે મુજબના છે:

**અંગ્રેજી બીજી ભાષા તરીકે (ESL)** અંગ્રેજી ભાષાના પાયાના કૌશલ્યો માટે

**GED અને પાયાના કૌશલ્યો** – પાયાના વાંચન અને ગણિત અંગેના કૌશલ્યો માટે, અને GED (હાઇ સ્કૂલ સમાપ્તિ) પરીક્ષાની તૈયારી માટે.

કોલેજો અને યુનિવર્સિટીઓમાં પણ શૈક્ષણિક પ્રોગ્રામો હોય છે. શૈક્ષણિક પ્રોગ્રામો વયસ્કોને કોલેજના અભ્યાસ માટે તૈયાર કરે ચે અને ટ્યુશન ફી વસૂલે છે.

## ☜ મદદરૂપ ઇશારો ☞

તમને પ્રૌઢ શિક્ષણના વર્ગો વિશેની માહિતી અહીંથી મળશે:

- તમારા બાળકની શાળા
- તમારા પાડોશમાં સામુદાયિક સંગઠનો
- તમારી સાર્વજનિક લાઇબ્રેરી
- તમારા ઘર નજીકની સામુદાયિક કોલેજ
- ધાર્મિક અથવા નીતિમત્તાના સંગઠનો
- ઇલિનૉઇ એડલ્ટ લર્નિંગ હૉટલાઇન: 1-800-321-9511
  (નિશુલ્ક ફોન કૉલ)